શામળભટના છપા

પેટ વિશે છપા

પેટ કરાવે વેઠ, પેટ વાજા વજડાવે;
પેઠ ઉપાડે ભાર, પેટ ગુણ સહુના ગાએ,
પેટ ભમે પરદેશ, પેટથી પાપ કરે છે;
પેટ કરાવે જાર, પેટ તો સત્ય હરે છે.
વળી છળ પ્રપંચ અધિક કરે, પેટ કાજ નરકે પડે;
સામળ કહે સાચુ માનજો, પેટ પાપ નરને નડે. ૧
વિપ્ર પેટને કાજ, શાસ્ત્ર વાંચેને શિખે;
વીચારી વળી વિદેશ, ભણેલા થઇને ભાખે.
વણીક પેટને કાજ, ચઢીને વાંહાણુ ચડે છે.
મજુર ઉપાડે ભાર, ઘણા જન ઘાટ ઘડે છે,
વળી કરે છે કાસદ કાશીદુ, સીર કપાવી તસકર મરે,
કહે સામળ પેટને કારણે. કુલ આચાર સઉ કો કરે.
પેટ ચડાવે વાંસ, પેટથી નૃતક નાચે;
પેટ કાજ ગુણ ગાય, ઉંચ નીચાને જાચે,
પેટ કરે છળ કપટ, પેટ રણમાં રખડાવે.
પેટ કરે વિખવાદ, પેટ તો શીશ કટાવે;
ચોરી ચાડીને ચાકરી, અધર્મ સહુ આ પેટના,
શામળભટ સાચુ કહે, પ્રપંચ પાપી પેટના; ૩
ક્યાં ભડકણને ધીર, ક્યા ગુણહીણને જ્ઞાતા,
ક્યાં કૃપણને કરણ, ક્યાં દંભીને દાતા,

ક્યાં રંકને રાય, ક્યાં અકરમી ઈંદર,
ક્યાં પાપી પુન્યવંત, ક્યાં શંખ હીણને ચંદ્ર.
વળી અણુ પંડીત પંડીત કીયાં, બેશી પારકે બારણે
શામળ કહે માન ગમાવીયા, કુડાં પેટને કારણે, ૪
ક્યાં દરીદ્ર દીવાન, ક્યાં કરૂપ રૂપાળા,
ક્યાં જુધીષ્ટર જોર, ક્યાં ભીક્ષક ભુપાળા.
ક્યાં બુદ્ધિ બળવંત, ક્યાં ગધાને ઘોડા;
ક્યાં કપુત, સપુત. રામ લક્ષમણના જોડા
નર નાર જારને સતી કીયાં. જાઉ જેને વારણે,
શામળ કહે માન ગમાવીયાં, કુડા પેટને કારણે. ૫
ક્યાં ઊંચને નીચ, ક્યાં રોગીને સાજ્ન;
ક્યાં અબળાને સબળ, ક્યાં દુરબળને તાજા,
ક્યાં અજાણને જાણ, ક્યાં પથ્થરને હીરા;
ક્યાં અજા ગજરાજ, ક્યાં વૈરીને વીરા,
જુઠા બોલા સાચા કીયાં, નીચ બુદ્ધિ કરે નટને;
શામળ કહે માન ગમાવ્યાં, પ્રપંચ પાપી પેટને. ૬
કોઇ ચળીને અચળ, કોઇ રજીતને રંગા;
કોઇ રૂપ હીણ રત્ન, કોઇ ગંદીને ગંગા
કોઇ મૃગનેણી નર, કોઇ વર્ણી આંખે કાંણી;
કોઇ વેશી દેખીએ, કોઇ રીજવાળી રાણી,
જે લપોડશંખ લેખા વિના, દક્ષણવત વળી કહયા;
શામળ કહે કવી કોવિંદ પણ, પેટ તણે વશ સહુ રહ્યા.
પેટ કરાવે પાપ. પેટ પરદેશ કાઢે;
પેટજ કરે પ્રપંચ, ચલાવે માર્ગ આડે.
પેટ કરે પાખંડ, પેટ વણ વાંકે ડંડે;
પેટ શંકટ થાય, પેટ મેહેનતમાં મંડે.

સતી નારીને મુશ્કેલ કરે, સ્યા અવગુણ કહું પેટના;
શામળ કહે શા અવગુણ કહુ પ્રપંચ પાપી પેટના. ૮
જગત અન્ન આધાર, અન્ન દૈવત એ મોટું;
અન્નવણ ન રહે જીવ, અન્નવણ સરવે ખોટું.
દેવ દનુજ નરનાર, જીવે છે અન્નને જોરે;
અન્ન વિનાનું સરવ, અતી અંધારૂં ઘોરે.
પાલણ પોષણ પૃથ્વી વિષે, કરતારે ઝાઝ કુરણા;
શામળ કહે શેવા સહુ આદ્ય શક્તિ અન્ન પુરણા. ૯
સીતા રામ જે એજ,, એજ શ્રી રાધા કૃષ્ન;
એ ઊંચ અને નીચ, પંડીતે કીધું પ્રશ્ન;
એ રોહણીને ચંદ્ર, એજ માતા સાવીત્રી.
મંત્ર જંત્રને તંત્ર, એજ ગુણનીધી ગાયત્રી;
અન્નપુરણા સહુની ઇષ્ટ છે, બુદ્ધિવંત જન બુજશે,
શામળ કહે અન્ન આધારથી, સર્વે ડાપણ સુજશે. ૧૦

જર વિશે છપા.

જરને વશ છે જગત, રાય પણ જરથી રીઝે;
જુવતી જર વશ હોય, લાભ પણ જરથીલીજે;
અને જર સજ્જન સનમાન, જરે જસવંત કહાવે
જરથી પામે જોખ, સતી શુભ કુળની આ[illegible],
અને જરનુજ જગતમાં જોર છે. દુરીજન[illegible] [illegible]
શામળ કહે જર જોરથી, [illegible] એમ કહે બહુ. ૧૧
જર માતને તાત, જાત તે જરથી જાણો;
ડાહાપણ છે દામ, આ [illegible] [illegible].
સગાં સહોદર સરવ, દ્રવ્ય વણ જે વેપારી;
રૂંઝને રૂપ અનુપ દ્રવ્ય તે ધીરજ ધારી,

સહુ જગત છે જર થકી, અને ગ્રંથમાંહી ગુણ બહુ ઘણું;
શામળ કહે સ્વરગે સંચરે, જોર હોય જો જર તણું,
વીપ્ર ભણે છે વેદ; જઈ જરને તે જાચે;
સાધકને વળી સિદ્ધ. ફંદે જરથા તે રાચે.
સુરા બાંધે શસ્ત્ર, જર થકી તે કર જોડે;
અનંમી નેં અહંકારી, હાથ જર આગળ જોડે,
ગામી નામીને નરપતી, જરને વશ વર્તી રહે;
શામળ કહેછે સંસારમાં દમડાને ડાહયો કહે. ૩
જરથી પામે જોબન; જરે ઇંદ્રાસન આણે;
જરથી જગ જીતાય, જર થકી મોટમ માણે.
જર થકી લાખ કરોડ, હોડ હઠીલા હારે;
જરથી રાજ્ય થપાય, જરે ઝાઝાંને મારે;
એમં જગત વસ્ય છે જર તણે; ચીતવે તેવા ગુણ ગણે
જગદીશ ઇશ વશ જર તણે. શામળભટ સાચુ ભણે
ઘણો જેહ ઘર ગરથ, રૂપ તેને ઘેર રેહે છે;
ઘણો જેહ ઘર ગરથ, રેહે વશં તેને રાજા.
ઘણો જેહ ઘર ગરથ, સુજસ બોલે ઝાઝા;
જરતો છે ઇસ્વરથી અધિક, બુદ્ધિ નિધાંન પ્રાક્રમ બહુ;
શામળ શેવક શ્રીમંતના, શત પ્રકારે શોભીત સહુ. ૫
જર વીના જે જોખ, શોખ તેતો નહીં સાચો;
જર વીણ તનમાં પ્રાણ, કહુ કર તુતે કાચો,
જર વીના જે રૂપ, દેહ ટરૂપી કુડો;
જર વીણ મંદીર માગે; ભામ રાખે તે ભુંડો.
જર વીણ ડાપણ છે જેટલું, તે ઘેલાપણ જાણવું;
શામળ કેહે સઘળી ચીજતે, જગમાં જર પરમાણવું. ૬
જરથી શોભે સરવ, વેદનો જરથી વાગે;

જરથી ક્રીતે ન્યાય, જરે મન વંછીત પામે.
જરથી સગપણુ સાથ, કરે જરથી સૌ કાજે;
જર ઓડાવે હાથ, જર થકી સરવે લાજે.
જર તરણાનો મેરૂ કરે, રાજ અપાવે રંકને;
કવિ શામળ કહે છે જરથકી, પામર લુટે લંકને ७
ગાંઠે જેને ગર્થ, ભલી તે વિદ્યા ભણીયો;
ગાંઠે જેને ગર્થ, રેહે નહી કોઇનો રણીયો.
ગાંઠે જેને ગર્થ, તેજ પંડીત છે પુરો;
જેને ગાંઠે ગર્થ, તેજ સા ાદ છે સુરો.
વળી ગાંઠે જેને ગર્થ છે, પ્રાક્રમી પ્રમાણવો;
શામળ કહે છે સંસારમાં જર વીણુ મુરખ જાણવો. ८
જર છે સૌને જીવ; જર લે મહા સુખ માણી;
કરે પરાણે પ્રીત, રંક રાજાને રાણી;
જર વશ બધુ જગત, જરે જુવતી વશ થાએ,
જર જંગલમાં મંગળ કરે; જુગતી સરવે જોઆવે;
શામળ કહે ધનથી ધનપતી, ભારે સુખ તે ભોગવે. ९
ડાહાપણુ દમડા માંહી, રહે દમડાનાં યારી;
દમડા માંહી રૂપ; ભેદ દમડામાં ભારી.
જો દમડામાં જોર; રહે વશ થઇને રાજા;
દમડે ઊંચ અધિકાર, ગુણુ દમડામાં ઝાઝા.
દમડો છે મોંઘો દેવથી, વણુ દમડે સહુ રાંકડા;
શામળ કેહે દમડા તણાં, બાન ભાત લેઉ બામણાં,
જર દેખી જસવંત; ગુણુને ગ્નાન ગમાવે;
ધન દેખી ધન વંત, નીચને શીશ નમાવે.
સોનુ દેખી શ્રીમંત, કપટનુ કામ કરે છે;
અંરથ દેખી ગુણુવંત હેતથી હાથ ધરે છે.

રાજાની કે રાંકની, નીર્મળ કુળની નારીએ;
શામળ કહે સત્ય જાણજો જર દેખીં કરે જારીયો. ૧૧
સુર કપવે શીશ, ચતુર ચાકરી ચલાવે,
નાચે છે નૃત વંત, ગીત ગુણીજન થઇ ગાએ;
વિદ્યાવંત વિદેશ જાચવા કારણ જાએ;
જાર ઉપાડે ભાર, કઇ કારીગર સાહે કરે.
જેજે ઉપાય અન્યાય, જે બુદ્ધિ બગડે બારણે;
શામળ કહે શાણા સમજજો, જર કમાવા કારણે. ૧૨
નીરધન બોલે સત્ય, કહે જરવાળો જુઠી,
નીરધન ગાળ્યું ગાય જાય જરવાળો ઉઠી,
હાહા કરે સૌ લોક, વદે જરવાળો જુઠું;
રીદ્ધી ઉપર સૌ રાજી, રીદ્ધી પાખી સૌ રૂઠયું,
ચઉદે વિદ્યાની ચાતુરી. ગરથ સાથ વાસો રહે.
વળી કરમ ધરમને શરમ, સૌ કવી શામળ જરને કહે
દાટયુ જેણે દ્રવ્ય, સરવ આતરીયા શાપે.
ડાટયુ જેને દ્રવ્ય, પીંડ નવ લીધો બાપે.
ડાટયુ જેને દ્રવ્ય, પાપમાં થયો જે ગરકે;
ડાટયુ જેને દ્રવ્ય, નીચ તે પડિયો નરકે-
નવ ખાધું ખરચ્યુ વાવરયુ; દાન દઇ જસ નવ લીધો,
શામળ શીર ભાર વહી મુઓ, દૈવે તેને ડંડીયો, ૧૪
જેમ ઘાચીનો બળદ, રાત દીવશ તે ફરીયો;
જેમ ગધો ગુણ હીણ; ભાર અણ લેખે ભરીઓ.
પાડો જેમ પખાલ, પુઠ પણ પરખે પાણી.
બેઠે પકડી વીર, તડફડીને તે તાણી;
જર રખો રોજ થઇ રાંકડા વેઠી દુખ વધારીઓ,
શામળ ના ખાયો ખરશીયો, જીતી બાજી હારીઓ. ૧૫

કુસંગ વિશે છપા

કરે નીચનો સંગ, નીચની બુદ્ધિ આવે;
કરે નીચનો સંગ, સકળ સદગુણ ગમાવે,
કરે નીચનો સંગ, નીચની ભાષા ભાખે
કરે નીચનો સંગ, નીચની રીતે રાખે.
વળી નીચ કામ નીચા કરે, નીચ કેહેવાયે ઊંચ જન,
સામળ કહે સંગત નીચની, કોઇ ન કરશો કોઉ
પંડીતે પંડીત પ્રીત, મુરખને વાહાલો મુરખ;
રૂડે રૂડી રીત, ચતુર ચતુરાઇ ત્યાં ચાખા.
સુભને વાહાલો સુભ, વાહાલો દાતાને દાતા;
જારને વાહાલો જાર, ગુણીજનને ગુણ ગ્નાતા,
સુરાને વાહાલા સુરનર, કાયરને કાયર ગમે.
જશવંત ગમે જશવંતને, શામળ રાગ રૂદે રમે. ૨
મળે ઉંચને ઊંચ, મળે ભંગીને ભંગી;
મળે નીચને નીચ, મળે રાગીને રંગી.
મળે ભગતને ભગત, મળે પાપીને પાપી.
મળે ગ્નાનીને ગ્નાની, મળે જાચકને જાપી,
વળી વ્યસનીને વ્યસની મળે, મળતે મળતા ગુણ મળે
જેમ લવણ મળે છે તક્રમાં શામળ પય સાકર ભળે.

મોત વિશે છપા

કોઈ કહે આવો તાવ, કોઈ કહે થઉ કોગળીઉ;
કોઈ કહે કરડો નાગ, કોઈ કહે વાસી વળીઉ;
કોઈ કહે વાધો રોગ; કોઈ કહે સહસ્રજ વાગ્યું;
કોઈ કહે મારી મુંડ. કોઈ કહે પાપજ લાગ્યુ;
ઈસ્વર માથે લેતો નથીં, જગતમાં મહીમા જુવો;

સામળ કહે સહુ સાંભળો, મોત આવું તેથી મુવો;
બેસે અરણ્વ નીર, તીર ગંગાને બેસે;
ચડેજો પરવત મેર, કહી પાતળે પેસે;
પરવત માંહી પ્રવેશ, કરે આપે એકાંતે;
ઓશડ અમૃત અહાર, ભમે ભલા બહુ-
અંતે કીંકર રાખે કઈ કાટીધા, સંગ પ્રસંગ ઘણા કરે
સામળ કહેસહુ સાંભળો મોત આવે નીસ્ચે મરે; ૨
માત તાનને મીત્ર, પુત્ર પરીપારજ પેદા,
અલખત અપરમ પાર, ઘણા હસ્તીને ઘોડા;
સેવક સાથે સુર, પરી પુરણ પરતાપે;
ભાગવંતા બહુ બહુ. છત્ર છાએ છત છાપે;
અધીકાર અયુત લખ ઈદ્રનો; કોડવાર શુ કહુ કથી;
પણ મોતથી મુકાવવા. સામળ કોઈસમરથનથી, ૩
નાઠે ન મુકે ભુખ, દુખ નાઠે નવ જાએ;
નાઠે ન મુકે ભોગ, રોગ નાઠે પણ થાએ,
નાઠે નવ મુકે તાવ, પાપ નાઠે નવ છુટે,
નાઠે ન રહે લાજ, ચોરકે હાકમ લુટે.
કદી નાઠે મોત મુકે નહી પ્રીછવો તીનાથી પાસ છે;
કવી શામળભટ સાચુ કહે, નામ સરવનો નાશ છે. ૪
જે જોયું તે જાય, જેહ કાલ્યુ તે ખરશે;
ભર્યું તે ઠલવાય, ચડયું તે ઉતરશે,
લીલુ તે સુકાય, નવું તે જુનુ થાશે;
આવરદા વશ સરવ, કાળ સહુકોને ખાશે,
જો કીનર જક્ષને રાક્ષસો, દેવ ગાંધ્રવ દાનવી,
અશ્વાદિક પણ મોતે મરે, કોણ માત્રમાં માનવી; ૫
માત પિતાનો ભોગ, જોગ વીરૂજ બાંધ્યું,

રૂધીર મંસને હાડ; શરિર તેનું બંધાયું.
નસો જાલ નખ વાલ, સંગ લેઇ સાંધા મેલા
પંચ ભુતના ભાગ લાગ રમવાને ગેલા,
મમતા માયા હંકાર અતી, વકરૂપ કોઇક વાસો;
સામળ જળ પરપોટા જશા, કહો ગરવ તેનો કશો. ૬
મારૂ મારૂ કરે મુઢ, કરમી કાયા માયા;
અજ્ઞાની આરૂઢ. અંધ થઇ ધંધે ધાયા,
આ મારૂ ઘર સુત્ર, પુત્ર મારો પરણ્યાવું;
ઘડપણ પાળે મને, આજ ભલી બાત ભણાવું.
પણ દીપક વન જે વાયુને, કાચો કુંપો કાચનો;
શામળ કહે મુઢ મમતા કરે, તેવા શરીર અચારશનો.૭
ચીરંજીવી નહી કોઇ, ગયા માનધાતા મહિપત;
ચીરંજીવી નહી કોઇ; ગયા વહી અગણીત;
ચીરંજીવી નહી કોઇ, ગયા અધિકારી ઇંદ્ર,
ચીરંજીવી નહી કોઈ, ગયા સુરજને ચંદ્ર;
વળી ગયા રામને રાવણ, ગયા દેવને દાનવી.
સતવાદી સલક્ષણા ગયા, કોણ માત્રમાં માનવી; ૮
કોઇ આજ કોઇ કાલ, કોઇ માસે છમાસે;
કેઇ વરસે દસ બાર, કોઇ પચીસ પચાશે.
કોઇ સાઠ શીતેર, કોઇ પુણોસોં એંશી;
જે જોયુ તે જાય, નથી રેહેવાનુ બેશી.
જે નામ તેનો નાશ છે, ધરમજ એવો ધારવો;
કવી શામળ કહે મુરખ કરે. ગંદી દેહનો ગારવો. ૯
ઘડી પલક કે પોહોર, સાંજ સવાર કે વાહાણું;
એ દીપક ઓલાય, ન આવે સાથે નાણું;
ઘરમાં કે ગામ, દેશ પરદેશ પડશે.

જળ પરપોટા જેમ એક દિન નિશ્ચય નડશે;
રાખી કોઇની રેહેશે નહી, દીવસ નકી નહી દેહનો
શામળ કહે કાચો કુંભ છે; શો ભરંસો તેહનો. ૧

સ્ત્રીના અવગુણ વિશે છપા.

નારી નીચ સ્વભાવ, અજીત નવ જનમે હારી;
પર પુરષોશું લગ્ન, મરદને નાંખે મારી.
વીહવળ ચીત મન મગ્ન, રૂદન કરતી વણ વાંકે;
સાચી કોઈ ન હોઇ જુઠ અતી આંઇ આંકે.
શીખ મણ તેની સાંભળી, મનમાં તુરત ન માનીયે,
શામળ કહે કદી શાણી ઘણી, પણ પ્રેમદાની મતી પાનીયે
સ્ત્રી ચરીત્ર બહું લાખ, નીચ મતી જુઠને જોડે;
લાખ દિવશની પ્રીત, રીસ રજકનાં તોડે,
હસે વિના પરતાવ, અત હીરણ બાળપણ છોડે.
કઠણ રૂદય વળી કુમતી, મમત પોતાનો માંડે,
વળી ગરજ પડે ગરદી ઘણી, જ્યાની સાચ ગાથ સદા.
વળી સેહેજ વાતમાં આપદીએ, કલંક વાત કહે કદા.૪
સ્ત્રી સૂરજ અને ચંદ્ર, ઇંદ્ર તરૂણી વશ જ્યારે;
સ્ત્રી વશ રૂડા રામ, સ્ત્રી વશ સુનીવર છે મોટા.
સ્ત્રી વશ સઘળી સૃષ્ટી, છેક મોટાને છોટા;
વશ વર્તે સહુ તે તણે, જુવાની જ્યારે ઘણી.
કવિ શામળ કહે અજીતએ, તરતીબ તરૂણી તણી; ૩
ઘડીમાં આપે સુખ. ઘડીમાં દુખ દેખાડે;
ઘડીમાં ચાંપે ચરણ, ઘડીમાં મરણ પમાડે.
ઘડીમાં ભોળવી લીયે, ઘડીમાં સરવસ આપે;
ઘડી એકમાં કહે વીર કંથ ઘડી એકમાં કરી થાપે.

વળી ઘડીએકમાં વીખ દીયે, પરણ્યો તજી પરશું રહે.
ઈતિ શામળભટ સાચુ કહે, બુદ્ધી હેણી તે કેમ બીહે;
સ્ત્રીના વાંક હજાર, તોય તેને નવ હણવી.
ટાપલુ દસ હજાર તોય મુરખમાં ગણવી.
સતી શાગેમાગુંસુદ, તોય જસ હોણી જારી;
હુંડ અધિક હેત. તોય તે નાંખે મારી.
નારી ચાવગુણુ ગણવો નહી, ચતુરા નિશ્ચે સુકવી;
શામળ કહે હણવી નહી, મનુની જીવતી મુકવી. ૫
ઊંચ તણી અર્ધાંગ. નીચ નીચાને નિહાળે;
ડંસ રાખે દીલ માંહે, વેર કોક દીન વાળે;
બાપથી ન બીએ પલક, બાપના પરીયા બોળે.
પોતે હોય પાંશરી, તરૂણી તો પરવત તોળે છે;
હઠ કરતી સાથ હઠે, નહી પુત્ર પતી માબાપની,
કામની કલંક ભારે ખરી, શામળ માસ્તર છાપની. ૬
લલીતાને નહી લાજ, સત્ય તેને નવ સુજે;
કરે ન રૂડુ કાજ, પ્રભુને નવ પુજે.
શામાને શી શરમ, ધરમ કે ધ્યાન ન ધારે;
નારીને નહી જ્ઞાન, હોડ કરતી નવ હારે.
કામની આંખે દેખે નહી, જાણે નહી દીન જામની;
શામળ કહે સુજ પડે નહી, કામાતુર એ કામની;
નારી તે તો નીચ, ન રહે પોતાને ધામે;
નારી તે તો નીચ, કલંક ચટાવે કાંમે;
નારી તો તે નીચ, પ્રતીવરતપણું નવ પ્રીછે;
નારી તો તે નીચ, અન્ય નરને જે ઈછે;
નીચમાં નીચ જે નારીઓ, પર નર સાથે પ્રીતડી;
સામળ કહે નારી સગ્રસ્તને, રૂડી નહીં એ રીતડી; ૭

રણમાં જુઝે રહી વાઘ, સાથે બાથ ઘાલે;
હસ્તી દંતને હાથ, જડપથી મરડી ઝાલે;
ચડે મેરૂ ગીરી માંહી. સીધને સીસ જઈ બેસે;
મણીધર મણી મરોડ, હોડ અરણવ જળ પેસે;
વળી અગમ નીગમ લક્ષણ લહે, ત્રીલોકને જીતે તેકે;
સામળ કહે સોધી જુવો, સીત્રીને જીતી નવ સકે; ૯
રીપુને રાખે ચરણ, મીત્રને મરડી મારે;
કુલ હીણો કે કપુત, જુવતી તેનો જસ જાંણે;
દાના દીલ દરીઆવ, તેના અવગુણ દીલ આંણે;
મુરખ કે રાજે મહીપતી, સ્ત્રી સુ વાત કરે છાનીયો;
સામળ કહે સ્ત્રી હોય સાધવી, પુરણ બુધી પણ પાંનીએ; ૧૦
પંડીત કેરી નાર, મુરખ સાથે જઈ માંણે
કુલવંતી નર, નીચને પુરસ પ્રમાંણે;
જરવંતાની જુવતી; વાંણોતર સાથે વલુધે,
નરપત કેરી નાર, ગમાર ગોલા સુગંધે;
સુરા કેરી સુદંરી, કાઅરને કામાહીએ;
સામળ સ્વભાવ સામાતણો. બુદ્ધીહીણુ તે કેમ બીએ;
સ્ત્રીં પેટમાં વાત, છેકતો ન રહે છીની;
કરે ઉજડ બધું ગામ, હોઅજો મનની માની;
સ્ત્રીને છાની વાત, કહે તે મુરખ માનો;
સ્ત્રીને છાંની વાત, એ સાંણો સીખાણો;
સ્ત્રી અગળ છાની વાત, તે જગ બધે જાહેર થશે;
સામળે કહે સ્ત્રી વીકરીઆ થકી, અનરથ વધતો વાધશે
ઈંદ્ર અહલ્યાનાર, ભોગવી ભારે ભુપે;
સીવજિ જેવો સમરથ, રીઝ્યો ભીલડીને રૂપે,
પારાસુર પુન્યવંત, મુની મછગંધા માણી;

ચંદ્ર સરખો ચતુર. ભુલ્યો ગોરાણી જાણી;
હરી હર રાજા રાજેંદ્ર પણ પ્રેમદા દેખી બહુ પીડા;
સામળ કહે સાચક શીષ નર, નારીયે શકુકો નડયા;૧૩
સતી સીતા સ્વરૂપ, રણે રાવણ રોળાયો;
દ્રપતી દેવી દયાળી, કૈરવ કુળ નાશ કરાવ્યો.
રૂડી રેણુકા રૂપ, ઠીક નહી બુદ્ધિ ઠરાવી;
નક્ષત્રી અવની એહ વર એકવીસ કરાવી.
કેચાકચક સ્ત્રીથી મુવા, હોડ કોડ સ. હારીયા;
શામળ સુરાપુરા સહુ, માનનીએ મારીયા. ૧૪
એવા લાખ કરોડ, કુળવંતાને કાળીઆ,
કહચાકચક શત ભ્રાત, એક ચીતામા બાળીયા.
કૃષ્ન જગત કરતાર, જુવો કુબજાને વરીયા;
કપદી બાળ્યો કામ, જગત તેમાં શો કરીયો.
ભામનીયે સૌને ભોળવ્યા દેવ મુનીને દાનવી;
શામળ કહે ઝીત્યા જુવતીએ, તે કોણ માત્રમાં કામની,
જુવતી ઝીત્યો તેહ, તેહ જોખમાં જાણો
જુવતી ઝીત્યો જેહ, તેહ પાપી પરમાણો,
જુવતી ઝીત્યો જેહ, કરે નહી સુક્રીત કોડે.
જુવતી ઝીત્યો તેહ, હારી બેઠો તે હોડે;
જન જે જુવતીએ ઝીતીયો, ગણુતીમાંથી તે ગયો.
શામળ કહે શામા ઝીત નર તરણાથી હલકો થયો. ૧૬
મંદીર જાતાં રોય, લુટારા જેને લુટે;
મંદીર જાતાં રોય, રાય જે ઉપર રૂઠે.
મંદીર જાતાં રોય, ઘેર જો નાર કુનારી;
મંદીર જાતાં રોય, જેહ શીર રણ બહુ ભારી,
મંદીર જાતો તે રૂવે, જે નર હોય કુલક્ષણા;

શામળ કહે મંદીર જતાં પામે સુખ સલક્ષણા. ૧૭
નારી વશ જે નાર, તેની બુદ્ધીનું બીડું;
નારી વશ જે નાર, તે ભુંડામાં ભુંડું.
નારી વશ જે નાર, રાવ પણ રંક સરીખો;
નારી વશ જે નાર, પુરૂષ પણ પશુ સરીખો.
નારી વશ જે નાહલો, દુખીયો દીસે દેહનો;
શામળ કહે જીત્યો સુંદરી, અફળ જન્મારો એહનો.૧૮
મુરખનો સરદાર, જે ધન જુગારે ખુવે;
મુરખનો સરદાર, પરાયુ પાપજ ધુવે.
મુરખનો સરદાર, વડાસું વેરજ બાંધે;
મુરખનો સરદાર, ભુતનું સાધન સાધે.
જન મુરખનો સરદાર, જે પ્રભુ ભજતાં આળસ કરે;
શામળ કહે મહિપતી મુરખનો, નારી નેહ રૂદે ધરે,૧૯
કામનીને વશ કંથ, તોલ પણ ન રહે તેનો;
કામનીને વશ કંથ જગતમાં જસ નહી તેનો.
કામનીને વશ કંથ; પુન્યની પેર ન પ્રીછે;
કામની વશ કંથ, ઉપાશા એક ન ઇચ્છે;
કામની વશ જે કંથડો, પ્રતીત તેની નવ પડે,
શામળ કહે છે સત્ય માનજો, જશ તેને તો નવ જડે.૨૦

સ્ત્રીના ગુણ વિશે

માલે કામની કંથ, પ્રથમ તો લજ્યા પામે;
માલે કામની કંથ, નેણ તે નીચાં ઢાળે.
માલે કામની કંથ સ્નેહનાં વાયક સુજે,
માલે કામની કંથ જોર જોબનનું ગુજે,
જ્યાં મળે કંથને કામની ભાવ હાવ મનમાં ભરે;

પકડે તે તરૂણી તોલ ત્યાં, શામળ કહે સોજન ધરે
નારી વિના નર રંક, સંક રાખે નહી કોઇ;
નારી વિના નર ચોર, જોર જર ખેમે ખોઇ.
નારી વિના નર નીરબળ સબળ રાખે નહી સંગે;
નારી વિના નર દિન હીન, સુખ એકલ અંગે.
સુરા વીણુ તે ચાલે નહી, જગત માંહી રહે જાહરે;
શામળ કહે છે સામા કશી, તજે જગતતો જાહરે. ૨
રાખે કંચની રોજ; કામ કરતા દીલદાના;
પીઉ ઘર કામ પ્રમાણ; હોય મધુરી મુખ હાંસી;
કંદ્રપ તેના કાન્ત; ખરૂં તીર રંજના ખાંતે;
સેજી સેવા સહી, ઘણી રૂપાળી ઘાટે.
મતીવિરતાપણુ પાળે ઘણું; તેજ ઉપર દીલ નેહનું
કરી શામલ કહે સોથી ભલો તરૂણી નામજ તેહનુ. ૩
નારી જેનુ નામ કરે સ્વામીની સેવા;
નારી જેનુ નામ દીલથી જાણે દેવા,
નારીજેનુ નામ દુખ સુખ ઘટના લહીઆ,
નારી જેનુનામ સ્વામીના અવગુણ સહીઆ;
વલી નારી જે નમી ચાલશે; નારી સફલ ફળે ફળે;
જીવે તાર જસ જીતીલીએ. અંતકાળ બાંહે બળે. ૪
નારી દેખી નર લાખ, જોગીવાણા કઈ ભટકા,
જોગી મુક્યા જોગ. કંઇક સન્યાસી ચટકા;
શીઘતની સીધાઇ, બ્રમચારી કઇ ભમીયા;
પંડીતજી પુરાણુ; રંગ રામાસુ રમીઆ.
વળી વ્રતમુકયાં કઇ વરતીએ. વગોઓવેસ વેરાગીએ;
સહુ સ્ત્રીસુખમાં વહી ગઆ; તરૂણી નતજી ત્યાગીએ; ૫
ચગ્ચ ચરેછે તરણુ; રહે છે રણુમાં રમતાં;

ારીની જોડ, ભાલા તે સાથે ભમતા;
ડ પંખી આકાશ જુવો તેનુ પણ જોડુ.
કોણ ઊંચકે નીચ; ગધેડુ કે ક્યાં ઘોડુ,
સુર અસુર નાગ કીનર વીગે, દેવી નાગણુ દાનવી.
મનગરદે કસ્યા છે મેરાએ, કોણ ગત્રગાં માનવી. ૬
નારી વિના નર રંક; દાંમણો દીસે દેહે.
નારી વીના નર રંક, દીસે ગુણુ હીણો દેહે,
નારી વીના નર રંક, નહી ધન ધારે કોઈ;
નારી વીના નર રંક, હરી પુજન નવ હોય,
નીરણાગ છે નરનારી વીના; ભોગ કસા ન ભોગવે;
ભવગુણુ અદકાં અચ્યુતો જુવતી વણુ નર જોગવે, ૭
એક નમેગી નાર; ભોળવે પાંડુને ભ્રાતે;
એક કરે છે જાર, ખાર રાખે દીલ ખાંતે;
નારી એક દીએ વીખ; દુખે દાવાદળ વાધે;
એક કરે અન્યાય અનમીનો કરે પરાજ્ય.
ગુણુ સુંદર નાર સલક્ષણી તારણુ તરણુ શફલ ફલે,
સામળ કહે સંસારના મહીલામાં ભાગે ભળે, ૮
નારી નરનું અંગ; સુખ દેખણુ કરે શેવા.
મલે પુનમાં ભાગ્ય, લાભા જસલાખો લેવા.
ભામાથી શંતાન, ધરમ બુધી તે ધારે.
પ્રગટે પુત્ર સપુત્ર, કુલ એકોતેર તારે.
કુળવંત મળે જો કામની, સ્વામીને સુખ દીએ સતી;
ડુ એમ વીચાર આપથી, પુન્યવંત તેનો પતી, ૯
ભાનુની મોટે મુલ માહા, માયા એ મોટી.
જીતવા ઈચ્છે જેહ. તેહની ખાંતજ ખોટી;
સ્વરગ મૃત્યુ પાતાળ, ભેદ ભારથ જે ભણીયા.

ઊંચ નીચને અમીર, સરવ જુવતીએ જાણીઆ;
સ્ત્રી ખરા રત્નની ખાણ છે, મોટી પુરૂષથી પ્રિછજો.
સહુ શાસ્ત્ર સાખ શામળ કહે, અંતરમાં સહુ ઇછજો.
નીરમળ મનની નાર, સ્વામીને સ્વર્ગે પમાડે;
જુવતી જોબન માંહી. રીઝથી રંગ રમાડે
ઢાંકે કુળ કલંક, સરસ ચલાવે ઘરસુત્ર.
વધે તેહથી વંશ, પ્રસવે પુત્ર શપુત્ર;
વળી હોય સતી શુભ સાધવી, પુન્ય વંતી તે પારખી
છે નીચજ કોઇક નારીયો, સ્વભાવે સહુ નહીસરખી.

કન્યા ગમે તેવા વરને વરે છે તે વિષે ભીક્ષક ને રાજકન્યાનો સંવાદ.

મારે મંગવી ભીખ, શદા વૃત તુનો આપે;
હુ જાચુ જન નીચ, કષ્ટ તું કઇના કાપે.
હુ ચોળુ તન રાખ, તુનો સોને ભાવે;
મારે જીરણુ વસ્ત્ર, તુંનો પટકુલ ઓપાવે,
વળી હુનો કરછું ફારીદ, તું મડી સુખ પાલે ચડે;
ફટ ફટરે ઘેલી ગોરડી, વીપ્ર ગરીબને કેમ વરે. ૧
જેમ બીંમુને ભાત છઠી અક્ષર જયમ છપે,
જેમ અરવ મરજાદ, વજન તોલા મન માપે.
રાત દીવસ જે રીત, જેમ વાદળને તડકો;
જેમ પવન આકાશ, ઘડી પળીવલ પલકો.
આવરદા આખી સૂર્યની, સુખ દુખ ટાળ્યા નવ ટળે;
હું બાંમનીને ભરથાર તુ નાઠે મારગ નહી મળે. ૨
નમન્યો કોઇ નરેશ, ગમ્યોન પ્રતાપીક પુરૂષ;
નમન્યો કરમી કોઇ, ગમ્યો નહી સામદ સુરૂ.

ન ગમ્યો કોઈ વણીક, ગમ્યો નહી નવતમ નાગર
દાતા કે દેસાઈ. ગમ્યો નહી સુમતી સાગર.
કોઈ ના ગમ્યો ગામ ગરાશીઆ, નગમ્યો મેહેતાશી તને;
પ્રધાન પાટવી પર હરી, ખોળી કાઢે લેમને. ૩
મડા જેવડું તન, છેક રેહેસે કેમ છાનું;
તનો કહો! પ્રતી બોલ, તેહ હુનો કેમ માનું.
તમ મારે મુજ જીવ, જરૂર જોતામાં જાય;
ત્યારે સીર કલંક, દેશમાં દુખી થાય,
જો મુજને હોય મારવો, પરવશ પડવું હોય તાહરે;
શામળ કે હાણુભીગું હગુ, જુગમાં કરવું હોય જાહરે ૪.
ખસ્વર કરે આંણુ, નામ લેતાં દરૂ તારૂ;
બાણ પડે જયાશુક, મજે રૂધીર જ્યાં મારૂ.
કુદ્રષ્ટી તુજને જુવે, ચક્ષુ બે તેના કાઢું;
વાઢે નખ દીસે દુખ, વેંમા તેનું શીર વાઢું.
જો કદી જીવ જોખમ થશે; ભગતી તારીના હું ભણું
શામળ કેહે હજર યતા. શરીર તુજ સાથે બળું, ૫
સામા ન જુવે રૂપ, જુવે નહી કુલ કે કાય;
જ્યાં તી ન જુવે ભુપ, મજે જ્યાં મનની માયા.
જુવતી ન જુવે જાત, જુવે નહી પંડીત પુરો;
ન જુવે ઊંચ અમીર, તથા સતવાદી સુરો.
કાંમની તો કામાતુર જુવે, કેમ ન ગાો કાનીમ;
વળી જ્યાં ઘડીમાં જાય વીસરી; ભુંડી હોય જે ભામની.
રૂડો રાજયકુમારી હિચે હીંડોળા ખાટે;
પરીમલ પુરપા પાન, પોઢતી પલંગ ચાટે.
સજે સોળ સણગાર, જવેરે જુકત જડાવે,
ખ[illegible] ખમા કેહે ખવાક; લાખા લાડ લડાવે.

વેળી તરૂણીનુંતો જુઓ, વીપ્રસાથ મનડું વસ્યું.
ભીક્ષા માંગી ભોજન જમે, કેહે શામળ કારણુ કશું. ૭
લીએ કાંમનીની કેડ. વગર મોતે મારે;
લીએ કાંમનીની કેડ, હરખ દીતતે હરદ હરસે.
લે કાંમનીની કેડ, જીવ જર જસ તે જાસે;
દુખ દેસે ડંડાવસે; મરસે કે તે મારસે,
જે કેડ કાંમનીની લહે, સામલ હોડે હારસે;
સુરા પીએ જેનાર, જુવે વનવાડી; ૮
સરવર જાત્રમા નિત્ય જાઅ. તેહ સાથે પરઘર નર,
બાબાં અતી વાજીત્ર, ગાન ઉપર દીલદોડે;
અતી ચપલાઈ ચીત, હાસ અતી માંણે મોઢે;
અતી લોભીને અતી લાલચી; અતી નીસંક પરઘરઅડે
સામળ કેહે કુલ સુધ કાંમની એ લક્ષણથી ગુણ ઘટે

પર સ્ત્રી વિષે

પરનારીશુ પ્રીત, દેહમાં દુખ ઘણેરૂ;
પરનારીશુ પ્રીત; થાય અંત અતી અનેરૂ;
પરનારીશુ પ્રીત; ખરેમનમાં ક્ષઅ રોગ;
પરનારીશુ પ્રીત, ભગ્યહીણુના ભોગ;
પરનારી સાથે પ્રીતછે પડીઆ પાપ પ્રસંગમાં;
કવી સામલ ભટ સાચુ કેહે, ઊચાટ ઊપજે અંગમાં!
પરનારીશુ પ્રીત તેને ભોજન નભાવે;
પરનારીશુ પ્રીત, હરી સેવા નવ સુજે;
પરનારીશુ પ્રીત. બુધ્ધી સારી નવ સુજે;
એ પીપ રૂપ પરનાર તે અપ જસ ઊપજે આ
સામલ પ્રીતી પરનારશુ બોળે બીંતેર બાપનાર

પરનારીસુ પ્રીત; નવેગ્રહે તેને રૂઠયા,
પરનારીશુ પ્રીત; અગ્ની વરસાદજ વુઠયા
પરનારીશુ પ્રીત, પનોતી લોહની હોચ્યે;
પરનારીશુ પ્રીત. જરૂર નર નરકે જાગ્યે,
પરનારી કેરી પ્રીતથી, અગ્ની આંચ નીત્ય નીત્ય ખમે;
સામળ કહે સાચુ માનજો. ચુચુરંતાને નવ ગમે ૩
અગ્ની આગળ ઘ્રત; તરત ઉકળેતે તાપે;
મનુંની આગળ ગરઢ. રહે કેમ આપો આપે;
તસકર આગળ દ્રવ્ય; કહો દીઠું કેમ મુકે;
તેતર બાજની પાસ, ચોટ કરતાં નવ ચુકે;
લોભી આગળ લક્ષમી અને, જુવતી પાસ નર જે હશે;
કવી સામળ કહે સોબત મળે. જરૂર લાજ તેની જશે;
અગ્ની આગળ દુધ ઉકળતાં વાર ન લાગે;
દારૂને દેવતાય, મલે ભડકો થઈ જાગે;
તરૂણી ઉગ્યો તીમર, તરત નીરખતાં નાસે;
ભડકો પડતાં તાઢ પડેલી ન રહે પાસે,
પ્રમદાની આગળ ત્યમ, પુરૂશ એકાંતે એમ મળે;
સામળ કહે જોંસતદીગ્યા, તોચ લુણુ જગ માગળે ૫
મો કાયર એક સુર; નાંચતાં તે પણ નાચે;
જેને સંગતી જુઠ, જુઠનો બેસે પાસે;
કાજળ કોટડી માંહી, પ્રવીણ પુરૂ થઈ પેસે;
રાખે સુભ સંભાળ ડાગ તેને પણ બેસે;
પ્રમદા સંગે પુરૂશ; તે કાંમ વીવશ થાગ્યે સહી;
સામળ કહે સજન પુરૂશ, તો પેર સ્ત્રી પાસે વસેનહી; ૬
સીવ સરખા સમરથ, ભોળવ્યા ભીલડીરાણી;
ઈંદ્ર અસ્યા નાર ગયા જયાંછે ગોરાણી;

કામને સંગે કોટીધા; પવીત્ર થયા કુ પાલકી;
સામળ કહે સામા આગળે, માનવી તે કુણ માત્રકે;
પર અસ્ત્રીથી સુખ લાગુ. પર અસ્ત્રી સંગે પાપ;
પરઅસ્ત્ર નરકની ખાંણુ ત્રીવીધા ઉપજે તાપે;
પરઅસ્ત્રી ંગત પ્રભુ દુર, પરસ્ત્રી ગુણ ઘટાવે
તે તાની તરવાર, કોઈ દીન સીસ કટાવે;
પરનારીને જે પરહરે, તે ડાયા કેહેવાયછે;
સામળ પરનારીની પ્રીતથી, જીવનું જોખમ થાયછે;
પરઅસ્ત્રી પાપનું મુળ; બીજછે જેરજ કેરું;
પરઅસ્ત્રી સોકનું શદંન; પરસ્ત્રી દુખ અનેરૂ
પરઅસ્ત્રી રૂવે રૂવે રોગ,પર અસ્ત્રી જયાર વાત જાણે
પરનારી પરે હરનારતેપરઅસ્ત્રીછે લાક્ષીસા,
સામળ પરનારી સંગથી; નથી બેઠો નર કોઇ ઠરી, ૯
પરનારીસુ સ્નેહ, પુરો નર તે તો પાપી;
પરનારીસુ સનેહ, સદા લે સીવનો સાપી,
પરનાંરીસુ નેહ રામ તેને તો રૂઠો
પરનારસુ સ્નેહ, તેહનો દાડો ઉઠો,
પરનારી સાથ સ્નેહતો; દુખ ડુંગર ઢોળ્યા સદા,
સામળ કહે સુખ સ્વપને નહી કઇ વીકટ નરક કદા,
પરનારીસુ પ્રીત; કાળ સમુદ્રમાં કહાવો,
પીરનારીસુ પ્રીત; એજ ઘેર આપજસ આવ્યો,
પરનાંરી સુપ્રીત, દેહ તેનીતો દહીએરે;
પરનારીસુ પ્રીત,પનોતી લોકની હએ;દુખ દારીર,
'દાવાદગ્ન બધે ઘણું; કષ્ટના ગરકમાં,
સામળ પ્રીતે પરનારની; એ નાખે નરકમાં ૧૧
પરનારીસુ પ્રીત કાંમ સારૂ નવ સુજે,

પરનારીશું પ્રીત પ્રભુને તે નવ પુજે;
પરનારીશું પ્રીત ધરમ તે નવ ધરે;
પરનારીશું પ્રીત હોડમાં તેતો હારે,
અપજશ અણુવેખે એહનો, અહંકાર અન્યા ઘણો;
શામળ કહે સુખ પરનારીયું પ્યાર થયો પર સ્ત્રી તણો.
પરનારીશું પ્રીત પંડ પરવસ છે તેનો,
પરનારીશું પ્રીત જનમ જોખમમાં તેનો.
પરનારીશું પ્રીત રીત તેની નહી રૂડી;
પરનારીશું પ્રીત બુધી તેનીનો બુડી છે.
પરનારી પાળીસમી, કાયા રોગ એ કારમો;
શામળ કહે પરસ્ત્રી વશ જે પડયો, તેને ચંદ્રમા બારમો
પરનારીશું પ્રીત અછત તેને તો બેઠી,
પરનારીશું પ્રીત દસા રહુની બેઠી;
પરનારીશું પ્રીત પીસાચની પીડા સહીએ,
પરનારીશું પ્રીત વીઘન ત્યાં કોટીક કહીએ.
પરનારી કરી પ્રીતથી, ગયો તેના ગરકમાં;
કવી શામળ સત્ય કહે નીશ્ચે જાશે નરકમાં, ૧૪
પરનારીશું પ્રીત લોકમાં લજ્યા જાએ,
પરનારીશું પ્રીત લક્ષ્મી લુટી લીએ રાયે;
પરનારીશું પ્રીત બાપની લાજન બુડે,
પરનારીશું પ્રીત સત્યની વાત ન સુજે.
નહીં રામ નામ હૃદય ધરે, પીછે નહી જયાં પુન્યમાં;
શામળ પર અસ્ત્રીની પ્રીતથી, સખ વાત દીઠે સુન્યમાં
પ્રીત વિના પરનાર સનેહ ન કરે તે સાથે,
પ્રીત વીના પરનાર હોડથી ન આવે હાથે;
પ્રીત બિના પરનાર જોરથી કોઇ નવ જીતે;

પ્રીત વિના પરનાર છત્રપતી છે પણ છાને.
વળી પ્રીત વિના પરનારી તે વશ વરતી થાએ નહી;
શામળ સંપુર્ણ સ્નેહથી, સામા વશ થાએ શહી. ૬૬
છાનો ન રહે છીર, રહે નહી છાની રાડી,
છાનું ન રહે પાપ, અકલ ફેલાવે આડી.
છાનો ન રહે ગેહ; રહે નહી છાની રેણી;
રહે નહી છાનું પ્રભાત, તથા કીરતી કે કેણી
છાની ન રહે વિદ્યા ભણી, સુગંધી છાની નવ રહે,
તેમ પ્રીત છાની પરનારશું, છાની ન રહે સામળ કહે.

જુવાનીના જોર વિષે.

જેને જુવા જોર, પુન્યની વાત ન પ્રીછે;
જેને જુવાની જોર, ઈશ અસરત નહીયછે.
જેને જુવાની જોર, પર અસ્ત્રી ઉપર પ્રીતી;
જેને જુવાની જોર, રૂડી નવ રાખે રીતી.
છે જોર જુવાની જેહને, અંધને આડે આંક છે;
શામળ કેહે સુણ ચતુરનર, પણ બુધીનો શો વાંક છે.
હસ્તી જોબન ન હોય, જ્યારે મદમાતો ગાહાલે;
અશ્વનું જોબન હોય, મસાલા ચરી જ્યાં ચાલે.
ભેંસનું જોબન હોય ભલો જ્યાં ભાદરવો.
નરનું જોબન હોય, પુત્ર દોલત તન નરવો.
રાજાનું જોબન રાજ્ય છે, પરી પુર્ણ સમૃથપણું;
કાગની જોબન કંઠ છે. સામળ કહે શું કહું ઘણું.
કોઇ જોબન જસ અંત ભાગ્યશાળી થઇ ભમીઓ.
કોઈ જોબન જરકાજ, જુઠું કરતાં નવ જોયું;
કોઇ જોબન જસ લીધ, ધરમ કરી પાપજ ખોયું.

કોઈ જોબનમાં જોતી ગયા, હરાગી હોડ હારી મયા;
જોબનમા તે જીવતા રહયા, કઇમાઆએ મરી ગયા.
કોઈ જોબનનું જોર, જગતમાં બનીયા જોગી;
અડસઠ તીરથ અટંન, ભાવ ભવ પુરે ભોગી.
કોઇ જોબનને જોર, પ્રસીધ પામ્યા પ્રાણી;
કોઇ જોબનને જોર, ભણ્યા વીધા.
રસાતાંતીજે સંત્યઅસંત્યશું ફુબલુ, જોબનમાં રથીરથાયછે;
શામગ કેહે જોબન જોરમાં, વગે જન વહી જાય છે.
રમઝમ કરતી રંભ, રહે પાણીને પોશી;
ચયાં સાયગ ગુણ ગાત્ર. દેશ નહે સેડાશી,
હતુ જોબનનુ જોર, જાર ગુણ તેના ગાતા,
પડી ગયા પછી દંત, મોટ પદ કેહે સહુ માતા.
વાંકા અંબોડા વાળતી, સુભ સણગાર ધરે શહુ;
ધોળે કેશ કર લાકડી. બુઢી થઇ દીઠી બહુ. ૫
ધોળા થાયે કેશ, ડાહી કેવાસે ડોશી;
વીપીન થાશે વેશ, તેનું પાણીને પોહોશી.
થર થર ધ્રુજશે શુલ, નમી જાસે બે નેણાક
પડે દેહમાં વેહ; વદાસે વિપ્રીત વેણા.
વળી લીટયુગે અહુ નાકળી, બે દાંત બેરા થશી;
સેવો પ્રભુને શામળ કેહે; જોબન જોર વહી જશે. ૬
જેમ વાદળી છાહ, છાંયપલછો છે ચડકો;
આમાં ચેતો મનુષ્ય, ખરો ખરાબીનો ખડકો.
રાંખ્યું તો નહી રહે, રૂપને જોબન રૂડું;
ક્ષય થઇ જસે વેશ, કલંક રહે તે કુડું.
છે રાણુ રંક કે રાણીઓ, રૂપવૃત્તને બાળનું;
શામળ કેહે રાખ્યું નવ રહે, સચાર મેણું કાળનું. ૭

[૨૭]

સોકશ્યના દુખ વિષે

જેના ઘરમાં સોક્ય, કાંમણ દુમણ તે પાંમે;
જેના ઘરમાં સોક્ય, વરતીઆ ત્યાં જઈ વસસે.
જેના ઘરમાં સોકય મનુષ્ય ખોટા કંઈ ખપન.;
જેના ઘરમાં સોક્ય, તેહને છાના છપના.
વળી જેહ ઘરમાં સોક્ય છે, વનિતા આખો દીન વઢે;
શામળ સ્વામી સોક્યનો, સુખે ન સુવે અધ ઘડી;
જેના ઘરમાં સોક્ય, બ્રમહત્યા તો કીધી;
જેના ઘરમાં સોક્ય પાપણ ઓગળી લીધી,
જેના ઘરમાં સોકય દેવસ્થળ બહુ ઉથાપ્યા.
જેના ઘરમાં સોક્ય, ગળાં લોકોનાં કાપ્યાં.
પુલ નવાંણે નીર, નાહાના સાપને સાપણી;
શામળ કેહે સોક્યો શુંકીમાં પુરી પરસ્પ પાપણી. ૨
લોહ પનોતી લક્ષ, હોય તે નરને હૈયે
મંગળ ચોથો માન, કડણુ કુજોગે કહીએ.
રહે બરમો રાહુ, દસા રાહુની જોગે;
નવ ગ્રહ નીરબળ નીચ, ભાગ્ય હીણા તે ભોગવે,
એટલા ગ્રહે જેમ દુખ દીએ, ફરે ચક્રતો કાળનું;
શામળ કેહે તેથી સત ઘણું દુખ સોક્યના સાલનું. ૩
હસ્તી સીંહને પ્રીત,પ્રીત વાઘણને હરણી;
ગરૂડ શરપને પ્રીત, પ્રીત તીમરને તરણી.
ઉંદર બલાડી પ્રીત, પ્રીત મનીને સ્વાન;
પ્રીત શરપને નોળ, પ્રીત લંપટને ધ્યાન.
વળી પ્રીત વીપ્રને વરતીઆ; પ્રીત અસુર સુર લોક ની;
સામળ કહે તેથી પ્રીત સફળ, સહીમાં સોકશ્યની,

અભલા ભલી અનર્થ, તેથી વળી મોત ભલરૂ;
ભલી હીણાને હંથ, એહથી નહી દુખ અનેરૂ;
ભલી વિધવા ભલીવાળ, ભલી ગુણકા કે વેશ્યા;
ભલી દરીદ્ર દાસી હોય, સુકગણુસેલી;
મોટી દાવાદળ દુઃખણી, પંચાગ શીત પણ સોકયનું;
કવિ સામલ ભટ સાચુ કેહે, સાલ જેને સોકયનું ૭
દરીદ્રને દુખ એક, માંન્યુ મનનું ન થાએ
દાસીદને દુખ એક, નીત્ય પરદેસે જાએ,
દુનીઆને દુખ એક, વરહી જે દીન નવ વરસે;
વંઝાને દુખ એક, તનુજ કારણ મન તલખે;
કુવારીને દુખ કાંમનું, ભીખારીને ભુખનું;
શામલ કેહે તેથી ચોગણું; સ્રીને સોકયના દુખનું;
અંધાને દુખ આંખ, સારૂ નરતુ નવ દેખે;
બેરાને દુખકાન, રાગ પુરણ નવ પેખે;
રોગીને દુખ રોગ, ભોગ એકે નવ ભાવે;
ભક્ષુકને દુખ એક છેક ભીખારી કાવે;
એવા તો દુખ અનેકછે પાંગાને દુખ પગ તણું;
સામલ કેહે સ્રીને સોકયનુ, છે દાવાદળ દુખ ઘણું;

પતિના વિજોગ વિષે

નાવ વિનાની જેનાર, કલંકતો પગલે પગલે;
નાવ વિનાની નાર, પાપતે ઢગલે ઢગલે;
નાવ વિનાની જેનાર, સતી પણંતો નવ સુજે
નાવ વિનાની જે નાર, બુદ્ધી એકે નવ બુજે;
નાવ વિનાની નારીયો, તસકર સરખે તોલછે;
સામલ કેહે અબળા એકલી, બહુ અદ ગુણનાં બોલછે, ૧

પીતા વેર જે પુત્રી. હોય શીખી પણ રાંડી;
મેલી પુઠે લોક, કહે જે કયે છાંડી;
પીતા વેર જે પુત્રી, કુટંબ કહાવે ખોટ;
ધન્ય હીણુ હોય ઘરનો ધણી,પીતા હોય પૃથવી પતી,
પણ આવાં તો શોભે સાસરે,સામલ કેહે તેતો સતી.૨
નરપાખી જે નાર, કલંક કરોડો બેસે;
નરપાખી જે નાર, પરાયા નર ત્યાં પેસે.
નરપાખી જે નાર, પુઠ સા તેની જુવે;
નરપાખી જે નાર, પાણી પોતાનું ખુવે,
નરપાખી નારી એકલી, વડો તેહમાં વાંક છે;
સામળ કેહે તે વીનતા વણસસે,એતો આડે આંક છે.
નરપાખી જે નાર, છેક હલકી તે તરણું,
નરપાખી જે નાર, હોય રણમાં જેમ હરણું.
નરપખી જે નાર, નીચુ પોપળનું મુંળ;
રરપખી જે નાર; આંકડાનું એ મુળ.
નર પાખી નારી એકલી, સૂકી સુની સર્વ છે,
તે માન ન પામે માનુંની, ગળી જાય જસ ગર્વ છે,
કેહે હવે ક્યાં જાઉ, રહુ જઇ કોની પાસે.
કોની આગળ દુખ કહુ જાવું હું કેની આસે.
રહુ જઇને ચરણ. મરણ કઇ પેરે પામું;
કેમ ગમાવુ દીનસ, સીસ જઇ કેને નામું.
આ વીરહ પછે વીનતા તણો, જાંણે હરી શું કહુ કથી;
સામળ કેહેછે કયાં ન મળે નારી અવર એવી નથી.૧
નથી ઇહાં નગરાય. જેને વીતી વાતે;
દમઅંતી વીરહ, હતો દુખાંઓ દીનરાતે,
નથી ગજીતમ ગુણવંત. જથારથ દુખ એ જાંણે;

અતી અહલ્યાં સ્નેહ, દેહ દુખ અદકુ આણે.
વીનતાનો વરહે વીજો હતો, દદન દાવાનળથી ઘણો.
સામળ દુખીઓ માધવ કહે, ટાળનાર કોઇ તે તણો.
સરસ માધવ સમશેર, જેરથી લાગે ઝટકો.
કહી ઝાલ્યો કર ર, પર ગતરે નહી ખટકો,
બરછી રૂદાં બાણ, પ્રાણ કાઢે તે વેળા,
ગોળી લાગતા સુખ, ભાગવાન થએ જોગા.
વળી આયુદ્ધ છત્રીસ તણા, સાવધાન તે સોયતા;
પણ સામળ કહેમાધવ મને વીનતા વરહે દુખ દોહલ
પીનું હળા હળ વીખ, તેહ પણ લાગે સહેલું;
પડવું પાવક માંહી, વારૂ જે મેટતજ તેહવું.
જળમાં જંપાપાત, તેહ નહી દુખડુ જાણું.
ગીરીથી પડવું ભોય, તેહ પણ દુખ નહી તાણું.
વળી ગાયત્ર સરપથી; વધ થયો તે સેહેલું સહુ સહી.
પણ વિગડ વીજો વીનતા તણો,નર સેવા સમૂથ નથી.
આપે કાંઇ અનદાન, મરણથી કોઇ મુકાવે.
બંધી છોડણ બાહુ, ચોટ સરની ચુકાવે.
કોઇ આપે ઘર બાર, નાર પરણાવે પ્રીતે,
આવે દાન અનેક, રાજ્ય આપે સુભ રીતે.
કે કાપડ કંચણ કોઇ પણ. આપે આડે આંખી;
વનીતા વીજોહની વેદના, નર ટાળે તેવો નથી;
આત્મઘાત જે કરે, જાય તે નરકે ઘોરે.
પામે પીડા પુર્ણ હરી ન બાંધે હોરે;
નીસરે તો વળી તેહ, કુર યોનીને વામે;
ભોગે બાકતો ભુર, શકર ફુળ તનનું પાપ,
એ જાણી એમ નહીં કરું, કામા પામુ આ. કામ જરૂ;

વળી ઉમયા આજ વીચારજો, કલ રાતે નિશ્ચે ગરૂ.

શીવજી સ્તુતિ વિષે

ધરો આતમાનું ધ્યાન; મહા મગન અતી ગાજન;
ભુત પ્રેત વૈતાળ, વ્યાળ ધરી ભાલ ભંજન,
ધતુર અલંકાર, છાર છાજે અતી અંગ;
ઝોળી ખપર ડંડ, મુંડ જટા શીશ ગંગા.
વપુ શ્વેત વરણ, ત્રીશુળ ધારણ, તારણ તરણ;
કુશળ કરણ, કવી સામળ કહે
શેવો સદા શીવશંકર અશરણ શરણ. ૧
શીવનો અપરંપાર, શીવ જાણુંતા જોગી;
શીવ સૃષ્ટી આધાર, બ્રહ્મ વિદ્યા ભોગી;
શીવનો ત્રીગુણી તત્વ, શીવને સાધે મુક્તી;
વંદે શીવને વિષ્નુ, પામતા ભરપુર મુક્તી;
માયા બંધનમાં માનવી, શીવ મહિમા તે શું લહે;
જે વેદ ભેદ જાણે નહી, નીગમને તેની કહે. ૨
જે પુજે મહાદેવ, વેદના સઘળી વામે;
જે પુજે મહાદેવ, ભોગવે ભરપુર મુક્તિ.
જે પુજે મહાદેવ, મહા સુખ પામે મુક્તી;
ફરી જનમ મરણ તેનો નહી, કોટી વાર શું કહી કથી;
કવી શામળ કહે શીવ સરખા, દાતા દેવ દુજો નથી. ૩
ધન્ય ધન્ય મહારાજ, લાજ રાખો શીવ મારી;
આપો સુખ વીલાસ, આશા જે રાખે તારી,
અષ્ઠસીધી નવનીધી, રહે પાણુ સદાય પાસ;
જીવતાં પામે મુક્તી, મુક્તપદ વાસ કૈલાસ.
મહાદેવ ઇશ તમ તુલ્ય તો, દેખું નહી કોઇ દેવતા,

રાજાધિરાજ મ્હારાજ છો, કરો મૃત્યકતે જીવતા.

ઉજેણ તથા વિક્રમ રાજા વિસે.

ઉંચા મેહેલ અવાસ, પરસ પાસે મન પ્યારાં,
ઘણા દેવ દરબાર, શિખર શોભે બેહુ સારાં
રાજાસરીખિ રંગમેહલ, સરસસી ધાસ ન દીસે;
વળી લાયક જેવો લંકગઢ, એહથકી ઉંચા ધસી.
શામળ કહે વખાણ શાં કરૂં, ધનભાગ્ય ઉજેણી ક
એક લાખ ગજરાજ, ગજ્ત નીશાનો ફરકે,
વીસ લાખ વહે નાર, તેહપર તાપ ધડુકે.
શહસ્ત્ર બાર સમર્થ, રૂડા રહેછે રથ ફરકતા;
પાંચ શહસ્ત્ર પ્રધાન, માન મેહેરામણ ધરતા.
દસ શહસ્ત્ર તો દીવાનછે, દાન માન શુભદાયકા;
વળી આઠ કોટી અસ્વારછે, પંનર કોટો પાયદા. ૨
સામત સોળ હજાર, અચ્યુત તો રાય ગણેલા;
પંડાછે પચ લક્ષ, ભલા વ્યાકરણ ભણેલા.
વેદ ભણેલા વીપ્ર, ચાર હજાર શુપુજે;
જોશી સોળ હજાર, સાર મત આગળ સુજે.
શામળ કહે શોભિત સુરપુરે, જાુગતે સુર નાયક જસે;
મેના પોપટ મોર, સોર અતી સરસ શુણાવે;
જેમા જે વીંધાય, આપ ગુણ આપ જણાવ.
પાળે પુત્ર સમાન, પ્રજાને ભુપ ન ગંજે;
દેહ વેઠી દુખ, ભાવથી ભાવઠ ભંજે;
કવી શામળભટ સાચું કહે શું વખાણ કરીયે ઘણું. ૫
રાજા રાગ સમાન, રતી પતી સરખુ રૂપ;
સત્યવાદી હરીચંદ્ર, ઇંદ્ર આસન ભડકયું.

તેજવંતનો સુર, પુર સાગર સમ કહીએ;
ભોગી ક્રશ્ન સમાન, જોગી શીવ સરખો લહીએ.
વીદ્યામાં સુક્રાચાર્ય સમ, શહસ્ત્ર સુરદરશન સમ બહુ;
કવી શામળ કહે પરદુખહરણ, કોટ વીસા વીક્રમ કહું. ૭
ધનદ શેઠ ધનવાન, માન દુરજોધન રાણો,
સતી સૌરામણી સીત, પ્રિત લક્ષ્મણની જાણે;
વરણ શેષ તો વીપ્ર, કરણ મોટા દાતારી.
શેષ સરીતમા ગંગ, અધીક રાવણ અહંકારી;
ઉપાસન તો અંબાતણું, લક્ષમી લહરી લંકા લહુ
કવી શામળ કહે પરદુખ હરણ, કોટાવસા વીક્રમ કહું ૮
ધાતુમહી સુવરણ, મનુ ગંગાની તીરે
વનસ્પતી પણ તેહ, દેહ દાતાર શરીરે.
પત્ર તુળશી દળ તેહ, મેહ ગરવા પણ ગાજે;
એહ્ક માહી બરાસ, વાંસ સારો વૈકુંઠે.
દાસત્વ ભગતી ગોહીદાસની, ભરત ભરત સારો બહુ
કવી શામળ કહે પરદુખ હરણ, કોટ વાસા વીક્રમ કહું
રાજ તેજ શ્રીરામ, કામ સરખો તન રૂપ;
સતવાદી હરીચંદ્ર, ઈંદ્ર અધિકારી ભુપ
જેમ યુધિષ્ઠર જોર, બાણાવળી અરજુન જેવા;
પરસુરામ સમ અજીત, તોલ તરતીએ તેવો,
સજન રંજન અહી, પર દુખ ભંજન સુખ કરણ;
ભડભોજ રાજ ભલપણતણો, શામળ કહે શરણશરણી. ૧
સભા પંડીત સત સાન, વદે વીયાકરણ સુણી;
જોશી આઠ હજાર, અગમની જુગને જાણી.
વેદક વેદ હજાર, ભેદ ભારથના ભાળે;
અગ્નીહોત્રી અહત, આવસત પ્રકૃતજ પાળે,

નાટક ચેટક નીત્ય, નવા નવા ભાટ ચારણ કવીઓ ભણે
ભરપુરણ ભોજ જેવા મળી, શામળ કહે નહી મણા.
એક સથો કળીદાસ, બે સંથો માઘ પ્રમાંણ;
ત્રણ સથો નૃપ ભોજ, જેસંથી સભા વખાણુ;
નવુ કવિત કે શ્લોક, નવી કોઇ વાત બનાવે;
સભા લાખથી સરસ, ભોજ મન માની લાવે;
ભંડાર થકી પોહો વર્યો, તો તેને ગમાણુ જડયું. ૩
દૈત્ય દેવાંસા દેહ, મેરુ જેવો મન ગરવો;
કરણ સમો દાતાર, સાત સાગરવત સુરો,
નીરમળ શશીવત નામ, કામ હરીચંદ્ર સત્યે,
પુરણ રવી પ્રતાપ; આપ રાજન બલીવૃતે;
છે જોડ યુધીષ્ટર સારખો, લાયક જન લક્ષમં લહે,
તે ભોજ ભલો ભડ ભુપનો; કવી શામળ કોડે કહે. ૪

પિતાના હેત વિષે

પુત્ર કરે જો પાપ, પીતા તે પુન્યજ જાણે;
પુત્ર કદી દે દુખ, પીતાને સુખ કરી માણે;
પુત્ર કરે જો હાણ, પીતાને લાભજ લેખે:
પુત્ર વદે જો જુઠ, પિતા દીલ સત્યજ પેખે;
અવગુણ અસંખ્યા પુત્રના, પીતાને મન તો લાડ છે
શા ગુણ ગોશીગણ કીજીયે, પુરણ પીતાનો પાહાડ છે
પુત્ર તણો વિજોગ, તેથી દાવાદલ રૂડો
પુત્ર તણો વિજોગ તેથી શુભ જળમાં બુડયો;
પુત્ર તણો વિજોગ, તેથી શુભ ડસવો સાપે;
પુત્ર તણો વિજોગ, તેથી શુભ તપવુ તાપે;
આહા દુખ નહી મરવા તણુ; દુખ નહી તન રોગનું
પચ કોડ દુખ શામળ કહે, મોહુ પુત્ર વિજોગનું.

પ્રીત સજા સમસ્ત, પ્રીત ભારે ભ્રાતાની.
પ્રીત ઘણી મોસાળ, પ્રીત પણ સ્વસુર પખાની;
પ્રીત ઘણી પ્રિય નારી, પ્રીત શુભ સ્નેહ સખાની.
છે પ્રિતી અધિક પ્રકારની, કહે શામળ કોડે કથી;
પણ અધિક પ્રીત અંતર તણી, સપુત સમાન સરસ નથી.
જેણે ચડાવ્યાં આળ, બાળ રમતાં રોવડાવ્યાં;
સ્ત્રીવધ ગોવધ, બ્રહ્મહત્યાદીક પાપ કરાવ્યાં,
વીપ્ર સાથે કરી વેર, ઝેર દઈને જર હરીયા;
કર્યા ગર્ભ કાંઈ પાત, ઘાત કુડું એ કરીઆ.
પાડયા વીજોહ નર નારીને, ભંગ કરી ઘરસુત્રનો;
પામે પોતે તે પાપથી, વીયોગ પ્યાર પુત્રનો, ૪
પુત્ર વીના નહી મોક્ષ, પુત્ર વીણ મેણું મોટું;
પુત્ર વીના ઘર શુન્ય, પુત્ર વીણ જીવતર ખોટું.
પુત્ર વીના પરીવાર, વીશ્વમાંહી નહી વાધે;
પુત્ર વીના સંસારમાં, કોણ સરે વીતુ સધે;
ઘર અથ, દ્રવ્ય કોણ ભોગવે, ઘણું દ્રવ્ય પણ વાંછયો;
અવતાર બળ્યો બાળક વીના, વીશ્વ કહે તે વાંઝીયો. ૫

મોટા માણસ વિશે.

મોટા પાસે ગેહ, કીજે તો ઘોડો બંધે;
સગપણ મોટા સાથ, કીજે તો કાળજુ રાંધે.
મોટા આવે ઘેર, તરૂણી તો તાકઃ
મોટાથી વેપાર કરે તે આખર ધાસે.
જે મોટા જન મુરખ મના, તે સાથે નવ બોલીયે;
શામળ કહે આવા આગળે, મન વડો નવ ખોલીએ,
મોટા બોલે જુઠ, તોપણ સાચુ કહીય;

મોટા જો દે ગાળ, તોપણ સાંખી રહીએ.
મોટા કાયર હોય, તોપણ કહીયે સુરા;
મહીપતી મુરખ હોય, કીજીયે પંડીત પુરા.
કદી રીસ કરે જો રાયજી, તોય સદા જસ જોડાવે;
અણદાતા હોય અધીપતી, તોય હાથની આ ઓઢવે. ૧
મોટા સાથે વેર, કરે તે કારજ કુડું;
મોટા સાથે વેર કરે, તો ભાગ્યજ ભુંડું;
મોટા સાથે વેર, કરે તો જીવજ લેશે.
મોટા સાથે વેર, કરે તે કેદજ રહેશે;
માનીયે વાત મોટાતણી, કદી નીંધા તવ કીજીયે;
શામળ કહે પ્રિતી પુરણજો, પણ મોટાથી બીજીયે.
કરે ચોરી જે ચોર, એય દીન શીશ કટાવે;
કરે જારી જે જાર, માન મરજાદ મઠાવે.
કરે ચાડી જે ચાડ, સુજસ તે તામાં જાય;
નીરંજનનો વેપાર, કદી દેવાળું થાએ.
જે મોટા સાથે મમત કરે, વીના નીશ્ચે મરે;
નીશા રહ્યાથી પણ નકી, કેમ આરય એક સરે

સહેજ વેર વિશે.

વેર ધરમને કરમ, વેર સોકયો જ્યાં સરખી;
પાડીદાર પટેલને વેર, વેર દજારા કણબી.
વેર વણજ અવીવેક, વેર ભીક્ષા પરમીક્ષા,
વેર મુરખને મીત્ર, શાણપણથી દે સીક્ષા;
એવાં વળી વેર અનેક છે, નાહ ઉપર નાર જરી;
વળી સદા વેર શામળ કહે, સદગુરુને દુરજન વી[illegible]. [illegible]
પીતાતણો હણનાર, એહ પણ આવેરાં નેહ;

હણે વારી કે પુત્ર, નેહ પણ વેર ખજુર.
કરે નીત્ય અપમાન, કલંક ચડાવે કોપે;
હરે જુમી ધરસુત્ર, લાજ લોકોમાં લોપે.
પણ હાડ વેર એથી અધીકં, શામળભટ સાચુ ભણે:
જે જુલમ વેર તો જારીનું, હત્યા કરતાં નવ ડરે.
વેરી ધન લેનાર, વેરી ખાનારો ચાડી;
વેરી દુખ દેનાર, વેરી જે વાતો આડી.
વેરી જન હણનાર, વેરી જે આસ મુકાવે;
વેરી ખુવે વેવાર, વેરી અવસર ચુકાવે.
એવા અનેક વેરી અધીક, હાડવેર હું કહુ કથી;
શામળ કહે વેર વીજારીનું, તેહ સમો પડતો નથી.

રાજા વિશે.

રાજાનો વીશ્વાસ, કરે વણુ મોતે મરસે,
રાજાનો વીશ્વાસ કરે, ધન ધીરજ હરસે.
રાજાનો વીશ્વાસ, કરે તે સમજ રુઠો;
રાજાનો વીશ્વાસ કરે, તો કાગળ ખુટયો.
રાજાને મીત્રજ માનશે, કહુ ડહાપણ તો શું કથી;
કવી શામળ કહેછે કોઈને, મહીપતી મીત્ર સુણ્યો નથી
ન હોય કાગ પવીત્ર, મીત્ર સોની નહી કેનો;
દુત નહી સત્યવંત, જુઠો સાચે; નહી માનો.
નહી નપુશકમાં નુર, આપ નવ હોયે અનાથે;
કામ તૃપ્ત નહી તાર, દામ નવે શુભલાયે;
જોરાવરીયે જસ હોય નહી, શામળ કહે કહું શુ કથી;
રાય રુઠયો લે દંડ, કરે ખંડન સજનનું;
રાય રુઠયો લે લુટિ, માન મોડે મહાજનનું.

રાય રૂઠયો લે જીવ, પ્રાણ કાડે પલ એકે;
રાય રૂઠયો લે લાજ, નીર ઉતારે નેકે.
ફરી રામ રૂઠે નહી ધણું, જાત જીવ જોખમતણું
શામળ કહે ત્રપ રૂઠયાનું, દુનીયામધે દુખ ઘણું ૩
તેડુ ભલુ શતરનું, દામ કામે દંડાવે,
તેડુ ભલુ કો દુષ, છળ કરી છંડાવે.
તેડુ ભલુ જમરાય, જીવ જલદી લેઇ જાયે;
તેડુ ભલુ લેણુદાર, લેણું લેઇ મારગ થાયે.
શુભ તેડુ તાવ તરીઆતણું, રીપ સરપ વીખપાનનું;
શામળ કહે જુડુ સરવથી, દુખ તો તે દીવાનનું. ૪
વીશ્વાસ નહી વણીક, જીભ તે જુઠું બોલે;
વીશ્વાસ નહી વણીક, પેટનો પડદો ખોલે.
વીશ્વાસ નહી વણીક, ઊતાવળીયો જે થાય;
વીશ્વાસ નહી વણીક, વીનતાસુ વેહવાયે.
વળી વીશ્વાસ તે વણીક, (નહી ચડયો રાવળે જાણીયે;
સત્ય વાત્ત શામળ કહે, વીશ્વાસ નહી વાણીયો. ૫
વાસ નહિ જયાં વણીક, નગર ત્યાં ઉજડ કહેવું
વાસ નહી જયાં વણીક, શતનાસો નવ રહેવુ.
વાસ નહી જયાં વણીક, ત્યાં વેપાર ન કરવો;
વાસ નહી જયાં વણીક, ત્યાં ભંડાર ન કરવો.
વીપ્ર વીવેક બધી નહી, વસે નહી જયાં વાણીયો;
એ અધિક અદર વરણુ વીશે, શામળે જુગતે જાણીયો,
સ્થાનક બેઠો ત્યાં સિંહ, હોય વનમાં તો હરણ;
સ્થાનક કાજ શીયાળ, ત્રપત આમગ તો તરણ.
ભોજન કાજે બીગ, મૈથુન સ્વાન સરીખો;
કુરકટ સમ કુલપાલ, પશુસે પારાતણુ સરીખો,

બણિયા આગળ એજ બને, ગરીબ પાસે ગાજે ઘણું.
લખવે (કચુરાજી કુડણુ, તોલ ઢહાપણુ તેતણું. ૨
સરવે ભરેછે પેટ, વણીક ભરેછે વાંસો;
જર મુકવા કોઇ જાય, પાછું લેવાને સાંસો,
ઢીંગ ગરીને લુણ, મહી જર વાગી નાખે;
સગા સબંધી સરવ, હેત કોનું નવ રાખે;
આપણે જો નાણુ માગીયે, દેશુ કેહસે દોકડા,
એ હોય માગતા અડધીશી, લે રૂપીયો રોકડે.. ૩
જોગી જુપ સૂજાન, દયાળ દાતા કાનો;
વણુજ વજીરી વકીલ, મહીપતીના મન માન્યો;
નાણાવટમાં નેક, કોઇ દેદેઇ કે કણીયો,
દોશી દાસ દલાલ, ભલો ભંડારીયો ભણીયો.
ગુણ સાગર દીલ ગુરવો ઘણો, લેણદેણ લાયક લહે;
સુનીચારી વીવેક વાણીયો, શામળભટ સાચુ કહે. ૪
સેવો નીરદય નીચ. સેવો વસવાયા વાંકુ;
સેવો કોઇ અકરમી, ખાત્ર પાંડુ કે ખાંડુ.
સેવો ભાંડ ભવાઇ, સેવજો જાચક જોગી;
સેવો વરણ અવરણ, સેવજો ભીક્ષા ભોગી,
સેવજો કાછીઆ માછીઆ, ઠગ ગોલા કે દાસીઆ.
શામળ કહે અર્થ સરે નહિ, વખાણાયે વેસે વાણીઆ ૫
વડી બુધ તો વણીક, શુધ આગળથી સુઝે;
રજ બુધિ રજપુત, વગર જોરે પણ જુઝે.
કણબી કીંચીત બુધ, ગમત પોતાની માંડે;
રહ બુધિ તો રાય, સાંભળી કાને દંડે.
વસવાયાંથી બુદ્ધિ વેગળી, સ્ત્રીમાં બુદ્ધિ કશી નહી;
શામળ બુદ્ધિ પાછળ થકી, વીપ્રમાંહી આવે વહી.

સદગુણ તથા દુરગુણ વિસે.

પ્રતીદીન પ્રાતઃ સ્નાન ધંધા શુભ સેવા;
ગંગાજળ સમ ગણે, પીતા માતા ગુરૂ દેવા.
ગાય વીપ્રના વંદ. તુળસી પીપળને પુજે;
જમે આઠે જામ, સત્યની વાણી સુજે.
ભોજન કરાવી ભોજન કરે, યથાશકતી દાતાય;
શામળ સદ્ગુણી ગ્રહસ્થ તે, સેહેજમાં સ્વરગે ગયા. ૧
લોભીને પ્રિય લાભ, જારને વહાલી જારી;
શુમને વહાલુ દ્રવ્ય, પુરૂષને વહાલી પ્યારી.
શુરને વહાલુ શસ્ત્ર, મુરખને મુરખ વખાણે;
રાગીને પ્રિય રાગ, જોગીને જોગા જાણે.
ગુણ સાથે ગુણ જેના મળે, તે તો પુરણ પ્રીત છે;
શામળ કહે સહુ જાનજે. એજ અનાદી રીતછે.
છાનું ન રહે પુન્ય, રહે નહી છાની સત્યો;
છાનું ન રહે ખુન. છાની ન રહે ગુણ ગાત્યો.
વીદ્યા છાની ન રહે, નહી છાની પ્રિતી;
છાનો ન રહે સુર, રહે નહી છાની રીતી;
દાતા જુજર ગ્નાની ગુણી, વચન વાદ વીદીયા વીધી.
વળી દાન માંન સનમાન, સુભ છની ન રહે રીધી સીધી. ૩
છાની ન રહે વાત, રીત રૂડી કે ભુંડી;
છાનો ન રહે પુરશ, સુર કાયર કે દાતા;
છાનુ રહે નહી ચીર, પ્રત ભગની કે માતા,
વળી વિદ્યા છાંની રહે નહી, લીલા લેર લક્ષમી તણી.
કહી છાનું પાપ રહે નહી, ખોદી દાટો પ્રથવી ખણી. ૪
નામે આપણને જેહ, સતવાર તેને નમીજે;

હમે આપને જેહ, તેહને હસનાર હમીજે.
પાય આપણને નીર, દુધ તેને તો દઇએ;
કરે આપને ઘાત, જીવ તેનો તો લઇએ.
ઘાસે આપણને દામ, દસ ગરર જાણો સહી;
જે ગુણ અવગુણ નહી જાણશે, ચીત્રો પંડ લેસે નહી,
જેમ માછને નીર, જેમ વહલીને વાક,
જેમ ભગત ભગવાન, જેમ જીવતને આયુ;
જેમ સતીને નાવ, જેમ જાચકને દાતા.
જેમ લોભીને લછ, જેમ બાળકને માતા;
પ્રીતી અનેક એ વિવિધે, બહુ પ્રકાર ગુણે બહુ;
કવી શામળભટ સાચુ કહે લેશુ દેશુ લેસે સહુ. ૬
ભલે જન્મ્યો જન, જેથી સુખ પ્રાણી પામ્યા;
ભલે જન્મ્યો જન, જેથી દુનીયાં દુખ વામ્યા.
ભલે જન્મ્યો જન, દાન દાતા કહેવાયો;
ભલે જન્મ્યો જન, સદા સદગુણી ગણાયો,
જનેનીએ જન ભલે જણ્યા, સુરપુર દાતા ભગત;
શામળ કહે ભલે જનમીયા. જેથી સુખ પામ્યા જગત
ધન્ય તેહની માત, પુન્ય ઉપર જો પ્રીતી;
ધન્ય તેહની માત; જેહ ધર રૂડી રીતી.
ધન્ય તેહની માત, જેહ સદાવ્રત આપે;
ધન્ય તેહની માત કષ્ટ પરાયાં કાપે;
ધન્ય ધન્ય તો માતા તેહની; દારીદ્રતા કશીની હસે.
શામળ કહે તે સૌથી વડા બાકી બીજા બહુ ભંગી;
ધીક માતાની કુખ કરી ચોરી કે ચાડી;
ધીક માતાની કુખ અકકલ ફેલાવી આડી.
ધીક માતાની કુખ દુખ દુનીયાંને દેતો;

ધીક મ;ગાની કુખ જાતના અપજસ લે ।
શામળ કહે શાને જનમીયા ભુંડા ભાવે ભણ્યા;
વાતના ન રહી વાંઝણી લગોડશંખ જેણે જણ્યા, ૯
સાસુ કેરૂ કલંક, પાપણી વહુ પ્રકાશે;
શેઠ તણું કલંક, ખુની વાણોતર એ લે;
કંથ તણું કલંક બુદ્ધીહીણુ સ્ત્રી બેલે.
આપણે કમ દેખાડીએ, કલંક બોલે આપણુ;
શામળ કહે તેનુ પરખીયે, પ્રથમથી લુચ્યા પણું. ૧૦
હસ્યા થકી બહુ હાણ, હસ્યાથી ગુરૂવા ગાજે;
હસ્યા થકી હોય કલેશ, હસ્યાથી ભવનજ ભાજે;
હસ્યા થકી રૂઠે રાય, હાસ્યથી હામત હારે.
હસ્યા થકી જસ જાય. હાસ્ય વણ મોતે મારે;
હસ્યા થકી હુશ પેસે નહીં, હસ્યે ખોટ લાગે ખરી
શામળ કહે શાણા સમજજો, કરશો નહી કદી મશ્કરી

દાતાર વિસે

તરૂવર લીલુ જ્યાંહ; છાંહ તેની સઊ બેસે;
ભર્યુ નવાણે નીર, પાણી પીવા સહુ પેસે.
ફળ્યો દેખી વન રાય, જાય ક્ષુધાતુર ખાવા;
ગંગા જ્યાં ગંભીર, નીર જાય સહુ નાહાવા.
જ્યાં દાતા દીલ દરીઆવ છે, ત્યાં જાચક જાચે ઘણા
વૈતાળ જાય વિક્રમ કને, શામળ શી મોટમ મણા. ૧
પુજે જે કોઇ દેવ, દેહ દેવાંશી થાએ,
અમર થય જે આપ જેહ અમ્રત ફળ ખાએ;
ભળે ગંગામાં નીર, તેહ પણ થાયે ગંગા,
મલયાગરને પવન, કાષ્ઠ ચંદન શુભ અંગા;

સુધરે સજન સંગત થકી, તુંબી સંગ જેમ વન તરે
કવી શામળ ભટ સાચુ કહે, દાતા આપ સમો કરે.૧
જોગી જુઠો જોગ, વેસ વેરાગી વડાયા:
જંગમ પ્રતીક વેઠ, કાજલ મેલાવે કાયા.
જટા જંઞોટસ જુઠ; નહી ધુત્રે નરતા;
મમત બાંધીને તે મુવા સારૂ નરતુ કરતા;
શાગળ કહે સાધન સેકતો, કષ્ટ લોકનુ કાપવુ,
વળી રામનામ રસના રટનારટે. દાન અહો નીત્ય આપવુ
ઉપર જેહનો હાથ, તેહનાતો જસ ઝાજા;
ઉપર જેહનો હાથ. તે વશ રઇથત રાજા;
ઉપર જેહનો હાથ વસ્ય કારી એ વિધા.
ઊપર જેહનો હાથ, ન થાએ તેની નિંધા;.
જે ઉપર હાથ તે અધિપતી, દાસ થાએ સુર દાનવી.
વરા વરતે શીવ સુધાં શકળ, કોણુ માત્રમાં માનવી.૪

કશુઝાઝુ તે સારૂ નહી

ઝાઝાં જે ઘર પુત્ર, કોઇ કુળ તેહનું બોળે;
ઝાઝાં જયાં વેપાર, કોઇ દીન રાખજ ચોળે;
ઝાઝા પટેલ પ્રધાન, કરે ઊઝડ તે ગામ;
ઝાઝા ભીક્ષુત ભરમ, માન ન મળે તે ઠામ;
ઝાઝી પ્રીતી જયાં પ્રગટશે, કદીક માન માયા ઘટે;
મહીપતી પાસ માગેણ વસે, કહે સામળ તો ગુણ ઘટે.
સીતામાં બહુ રૂપ, જુવો રાવણ લઇ છળ્યો,
બળી રાજા બહુ દાન, ઘણો પાતાળે ઘલ્યો;
પાંડવ બહુ પ્રતાપ, આપ ઠામે નહી ઠરીઆ;
બહુ સત્ય હરીશ્ચંદ્ર, નીચ ઘર જળ જઇ ભરીઆ;

બહુ સ્નેહવંત દમયંતી નળ, ન રહ્યા ઠેકાણે કહી;
બહુ સુખ દુખ કે સુખ બહુ, સામળ કહે સાર નહી. ૨
નીત્ય કરે વેપાર, કોક દીન ટોટો આવે;
નીત્ય કરે વીખવાદ, એક દીન આવે દાદે;
નીત્ય જાચવા જાય, કોઇ દીન માન મટાવે;
નીત્ય કરે જો પ્રીત, કોઇ દીન આળુ આવે;
જેથી દીલ રાજે આપણું, તેથી ઝાઝુ નવ જુએ;
સામળ કહે સ્નેહી નારનો, નીશ્ચે જર છીન ખુએ.
અતીશે જેમાં રૂપ, તેજ કરૂપી જાણો,
અતી ડાહાપણુ અંગ, તેહને મુરખ પ્રમાણો;
અતીશે સુખી શરીર, તેહને દુખ દીલાસો;
અતીશે જેને પ્રીત, તેહને વેર વીલાસો;
વળી અતીશે જેને લાડ છે, ઘેર ઘેર તે રઝળશે,
સામળ અહંકારે ઓપીઆ, તે પીડાથી પ્રચળશે. ૪

નામ વિષે છપા

ધનજી આણુવાણે પાઅ, માગતો મહીપતી દીઠો;
સુરો નાશી જાય, બોલતો કડવુ મીઠો;
આજ ભરે રણુછોડ, કામ કલ્યાણ કરંતો;
વળી ચળાચળ અપાર, દીઠો અજરામર મરંતો;
મણી હીરા માણેક મોતીઓ, કો દી કથીર દેખે નહી;
કવી શામળ કહે સંસારમાં, શું કારણ નામે સહી. ૧
દીઠા અમર મરંતા, પીતાંબર નગ્ન ફરે છે;
નાગો પેહેરે વસ્ત્ર, વાઘ ઉંદરથી ડરે છે;
પરવત ફરે પ્રદેશ, દીઠો મંગળને દુખીઓ;
ખાય બહુ સંતોષ, કાસીદ કરંતો સુખીઓ;

હીરા દયાળચંદ દયા નહી, ખુશાલ કદી રોનો ફરે;
શાગળ કહે નામ પનોતીઆ, કઈક કુંવારા ડે મરે. ૨
કુબેર તો કહેવાય, ખજાને દીઠા ખાલી;
ધરમ આધારે પાપ, નાસ આવે ઘર ઘાલી;
વાલો રાખે વેર, ઝેર જેવો તો મીઠો;
જોગી કરે વેપાર, ભોગી ભીખંતો દીઠો;
શીવચંદ જાયછે છેતરી, બળીયો તે હારી જાશે;
રૂડો કે ભુંડો ગુણ હશે, શાગળ નામે શું થશે. ૩
હાથી નામે હોય, બીહે બીલાથી નાસે;
સુરજ કાળો હોય, સામળો સુંદર ભાસે;
રૂપો હોય કરૂપ, સુખાને પીડા ઝાઝી,
રૂપાળી રાખે કુડ, ભુપત વેચે ભાજી;
આશા ઇછા મોળાવશે, કલંક નીરમળ શીર
ફોગટ ફરતા છે જોઇતા, સામળ નામે શું અડે. ૪
નામ ભણાવે ભોજ, પુન્ય સપને નવ દેખે;
અભય નામ તો હોય, દુખ પામે અણુ લેગે;
નામ ચતુરચંદ હોય, ખાય બાર જઇ ચાડી;
સાંતીદાસ તો નામ, દેહમાં દાઝે દાડી;
હેમો ન હેમ દેખે કદી, પંડીત નામ ભણે નહી;
નામે સુરજ દેખે નહી, કહો નામ રહ્યુ કીઆં. ૫

લોભ વિષે.

લોભ તજાવે લાજ, લોભ તો સત્ય છંડાવે;
લોભ ભગાવે બાહાર, લોભ દાહાડી દંડાવે;
લોભ કરાવે પાપ, આપ લોભે લીએ માથે;
લોભે બગડે બહુ સુધ, નારી કોઈ સાથે;

તે લોભ નીચમાં નીચ છે, લોભે બુધી ઘટે ઘણી;
કવી શામળભટ સાચુ કહે, લોભ નરક કેરો ધણી, ૧
વાણુ સાંજ સવાર, મધ્ય સંધ્યા મધ્ય રાતે;
ઘડી પલકને પોહોર, આજ કાલે પરભાતે;
રવી સોમ શનીવાર, ત્રીજ તેરશ ત્રણ વેળા;
સરદ સશીર વસંત, ભુવન ભુવનમાં ભેળા;
કૃત આદી જુગ અંતે કળી, સુદ વદ સરવ સમાયછે;
શામળ આશા તો અમર છે. જુગ બધો વહી જાયછે. ૨
જાય લોભથી શ્રવ, દઇવ પણ લોભે રૂઠે;
ભવન કરી દીએ ભસ્મ, લોભતો અગ્ની ઉઠે;
હોય લોભથી હણ, જાણપણ લોભે જાએ;
લોભે હીમત હીન, દીનપણુ લોભે થાએ;
લોભે લક્ષણ લાખો ઘટે, લોભે સંકટ સુગ છે;
કવી શામળભટ સાચુ ભણે, લોભ પાપનું મુળ છે. ૩
લોભે તુટે પ્રીત, લોભથી હેત ન હોએ;
લોભે ચોરી ચાડી કરે, કુળવંતા કોઇ;
લોભે બોલે જુઠ, લોભથી હત્યા થાએ;
લોભે જાય વીદેશ, લોભથી ગાણાં ગાએ;
લોભી સઘળો સંસાર છે, હોય જેથી પણ હીણતા;
શામળ લોભી બે જણા, વીપ્રને વળી વીનતા; ૪
અરથી ન ગણે પાપ, અરથી જગને નવ જુવે,
અરથી ન માને આપ, પાણી પરીઆનું ખુવે;
અરથી કુડાં કામ, કરે એક નવ બીહે;
અરથી બોળે નામ, લાખ લંછન શીર વીએ;
અરથી તો જીવ આપે ખુવે, અરથી અવગુણ નવ ગ
અરથી આંખે દેખે નહી, શામળભટ સાચુ ભણે.

કામી નર એ અંધ; અંધ લક્ષમીનો લોભી;
અંધ સ્વારથ સરવ, અંધ ગેલો મન મોભી;
અંધ અદેખો આપ, અંધ ચોરીને ચાડી;
અંધ અહપદ ઉર, અડાવે વાતો આડી;
એવા અંધ તો અનેક છે, કાં નરને કાં નારીઓ,
શામળ કહે અંધ અતી ઘણું, જે જન ઇછે જારીઓ. ૬
લોભ કરાવે કષ્ટ, લોભ મરજાદ મટાવે;
લોભ કપાવે શીશ, લોભ ગુણ જ્ઞાન ઘટાડે;
લોભે જાય તણાઈ, લોભે સુખ સરવ સમાવે;
ઉતમ અધીપતી આપ, નીચને શીશ નમાવે;
દુખ દાવાદળ તો લોભ છે. કરે ગુણીને ગરકમાં;
કવી શામળભટ સાચુ કહે, લોભી પડેશે નરકેમાં. ૭

ભીખ વિશે.

ભીખ માંહી નહી ભોગ, ભોગથી જોગ ન સંધ
ભીખમાં નહી માન, ભીખથી ભાગ્ય નવ વાધે,
ભીખ નામ નીરમાળ્ય, ભીખની ભ્રારજ ખુવે;
ભીક્ષણુ એ પાત્ર, ભીખ સુંસું નર જુવે.
તૃણ તુછ તે સરવથી, ભીખ હોય હલકી બહુ;
કવી શામળ કહે શાણા સમજજો, ભીખથી ભુંડું શું કહું. ૧
થરથર ધ્રુજે દેહ, દેહની સુધ વીચારે:
તન ઉપર નહી તેજ, રામનું નામ નઉચારે,
ગળુ ગળી ગળું થાય, નેત્રથી નીર જરે છે;
બોલે હળવા બોલ, સ્વાસ ઉસ્વાસ ભરે છે.
જેટલા ચીન મરવા તણાં, દુખ દાવાનળ વાગતા;
શરીરે ઉપજે શામળ કહે, માંગણ જનને માગતા. ૨

પ્રસ્નોતર વિશય.

જાચાક તરણથી તુછ, મણીથી સદગુણ મોત્રો;
સદગુણથી શોભે સપુત ગરીજીક કુસકાથી સોંઘ્રો;
કીરતી બરાસથી બેહેકે, કપુત કાજળથી કાળો.
સુભ સોહીથી કઠણ અન્ન ભાગ્યની બાળો.
દુર વચન વીંછીની વેદના મીસ્ટ વાણી સકરથી ગળી.
છ કલંક મેલુ મેસથી, પહોચ તેની મન રળી. ૧
વજ લંપટ જે ગોર. તજો નામી નિસંક;
વજ તસકર જે તનુંજ. વાસ તજ વાટે વંકા.
તજ મુરખસુ મેળ; તજો જુગટે જે રમવું;
તજ ખોટાસુ ખેલ, તજો પરનારે જમવું,
વળી તજવી ત્રીયા પારકી, તજવો મોટા શું મમત કર
તજવી પણ હુંશ હરામની. શામળ કેહે તજવી જુઠ નર; ૨
પરહર પ્રીય પરનાર, પરહરો નરકુળ શોભી;
પરહર અટકણ અસ્વ. મીત્ર પર હરવો લોભી.
પરહર પુત્ર કપુત, પરહરો પુરૂષ કુસંગી;
પરહર વાસ દુવાસ. પરહરો દાસ કુઢંગી,
પરહર જે કારજ પુન્ય પીણ, પરહર ચાડી ચીતથી;
શાંમળ કેહે. પરહર પાપ મતી. પરહર નીંધા નાત્યની;
પરહર નીરજળ કુંપ; ઝપટથી પરહર જારી. ૩
પરહર સુભજ માન, વણજ વીણ વણજ વેંપારી.
પરહર પ્રીત્ય વીણ પુન્ય; ગંડુ પર હરગાં મોડું,
પરહર પાડોશી ચાડ, હાકમે પરહર બોટો.
પરહર જે વીયાસ વરણાગીયો. જે ચાળા ચેટક કરે;
કવી શામળભટ સાચુ કેહે, માનુનીયોના મન હરે, ૪
બાળ હરાણે પ્રીત. બાળ નીરધનનું જીવવું;

બાળ કુંભીસી ભુખ, બાળ ખારૂં જળ પડૂં.
બાળ સુમની શેવ, બાળ કપટોનું નાણું;
બાળ ચુગરીની ચાલ, બાળ બકરી દુઝાણું.
બાળ વસવું જે સાસરે. બાળ બનેલા ઘેર રેહેવું;
શામળ કેહે તે બૃદ્ધિ બાળજો, દરીર થઇ ડાહ્યા થવું. ૫
બાળજો પર સ્ત્રી પ્રીત, બાળજો વાતો આડી;
બાળ રાંડની રીત, બાળ ચોરીને ચાડી.
બાળ ભીખમાં ભોગ, બાળ જોર જુઠાનું;
બાળ દેહમાં રોગ, બાળ મતનું રૂડાનું.
બળી બાળ જીવત જે બાપડો, હીમત બાળ હરામની;
કવી શામળ કેહે બાળજો કલંક વાત કામની
બાળ લંપટની લાજ; બાળ ખડ ધાંન્ય ખાવું;
બાળ કુવાચે વાસ, બળ દુશમન ઘેર જાવું.
બાળ શંગાઇ સાચુ, બાળ વડાશું વઢવું;
બાળ ગરીબ ઘરસુત્ર, બાળ લડી ચોરે ચઢવું.
વળી બાળ ચાડનુ છાપરૂ, બાળ કામ વીણ બોલને;
શામળભટ સાચું કહે, બાળ તરકટા તોલને. ૭
ન શોભે રાંડી રૂપ, ન શોભે વિપ્ર વીણ વિદ્યા;
ન શોભે સેન્ય વણ ભુપ, ન શોભે સાધુ નંધા.
ન શોભે આપ વખાણ, ન શોભે જોર જુઠાનું,
ન શોભે નીરલજ નાર, ન શોભે રંક પર રૂઠયાનું.
ન શોભે દેવલ દેવ વીણ, ન શોભે ઘરધણી ઘર પખે;
કવી શામળ કેહે શોભે નહી, ધન્યજોરાવર જર પખે. ૮
ન શોભે સ્ત્રીથીવણ સેજ, ન શોભે ગુણ વીણ ગનાતા;
ન શોભે રસ વીણ વાત, ન શોભે સુત વીણ માતા.
ન શોભે સુરવીણ સહસ્ત્ર, ન શોભે નર વીદાય ગણુ

ન શોભે ગજ વીણ સેન્ય; ન શોભે સુભ નાણું.
શોભે રાત્રી સશી વીના, દ્રવ્ય શોભે દાન વીણું;
કવી શામલ કેહે શોભે નહીં, માનવી રૂડા માન વણ. ૯
ભુડી ભામની તેહ, જેહ પરનર સુત્રેત્રી;
ભુંડો બ્રામણ તેહ, અતી લોભી કે ભેદી.
ભુંડો સુર જણો. જેહ બરામણને નંદે;
ભુડો જોગી જેહ. જર વાળો વંદે.
વળી ભુંડો વણીક વિવેક વણ, રાય ભુંડો રણથી ડરે;
શામલ કેહે ભુંડો તે કવી, કરપણ તણી કીરતી કરે. ૧
દાતા સુભને વેર. વેર કાયરને સુરા;
જોગી ભોગીને વેર, વેર પુરા અધુરા.
વેર સાચને જુઠ, વેર ગુણકા સતીને;
વેર અસુરને સુર, વેર જોગી જતીને.
વેર પાખંડ પવીત્રને, વેર મુરખ પંડીત તણું;
વળી વેર ક્ષુત્રમ આત્રમને, સેહેજ વેર એતો ભણું. ૧૧;
સુરને વાહાલુ સહસ્ત્ર, વીપ્રને વાહાલી વિદયા;
પવીત્રને વાહાલુ પુન્ય, નીચને વાહાલી નીંદા.
શાંતીને વાહાલું સંપ્ત, રાજ્ય વાહાલુ રાજાને,
પાપી વાહાલુ પાપ, વાહાલુ જર જન જાજાને;
માગણ વાહાલો દાતારને, કામનીને તો કામ છે;
સમલ સ્વારથ પ્રીય સરવને, રૂડા જનને રામ છે. ૧૨
ન્યાય સાસ્ત્ર નતરંગ બીજુ વેદાંત વખાણુ;
મીમાંસા માહા મુલ જુગતી; પાતાં જળી જાણુ.
સાત સાસ્ત્રની સાખ્ય; ભલા જન તેતો ભાખે;
વધારક ગુણવાંન, સરવને સંશ આહાલે.
એક શરાકડાં તે ખોજશો, વીવેકવંતા સૌ થશે

[૫૧]

દુખ વીશે

સુખે સંભારે નાર, સુખે શણગારજ સુઝે;
સુખે સંભારે સેજ, સુખે બહુ પ્રાક્રમ બુઝે.
સુખે સંભારે સ્વાદ સુખે વાહન પર બેસેઃ
સુખે સુહૃદ વીવેક, સુખે સમરાવે કહેશે.
શુખમાં અનેક શોભા ધરે. કરે કલપના કામની;
આગળ શુખમાં નવ સાંભરે રટનારીના રામની. ૧
દુખે સંભારે રે માત, તાત વાહાલો વાહાલાની;
દુખે સંભારે દેવ કથા કનક કલાની;
દુખે સંભારે ગ્રહે, જનમ પત્રી જોતરાવે.
દુખે સંભારે દાન, દયા પણ દીલમાં આણે;
જનમ દુખ દવાદળમાં પડે, ઠરે ન એક ઠામજી;
તે સંકટથી શામળ કહે, એક ઊગારે રામજી. ૨
દુખે જાય સુધ બુધ, દુખે ભણતર નવ ભાવે;
દુખે ડાહાપણ પણ દુર, દુખ કુડ કપટ કરાવે;
દુખ દેહમાં ચોધ, તેજ તનનું તો જશે;
દુખમાં લીલા લેહેર, પલક નવ આવે પાસે;
દુખ દાવાનળમાં ડુબીઓ, જરીએ સાંતી નવ જડે;
હસવું નવ આવે હેતથી, ફુલ મુખમાંથી કેમ જરે. ૩
સુખે સંભારે સરવ, વચન બહુ વીધનાં બુઝે.
રમવુ હસવુ વીલાસ, સ્નેહની જુગતી સુઝે;
ભાંડ ભવાઇના ભાવ, જાન જોણુંતે જાતર;
ખટરસ ભોજન ખેલ, મહા સુખ મહીમાંતર;
દુખ દાવાનળ આજે પડા, સુખ સરવે એનું ગયું;
હસવુ કેમ આવે હેતથી, પીંજર બળી પ્રેતે થયુ. ૪

ઇસ્વરની કૃપા તથા કોપ વીશે

દાવાદળમાં દેહ. પડે અગનીની આંચે;
પડે પાણીને પુર, ચડ્યો વેરીની ચાંચે,
પામ કોઇ વીખ પાન, સહસ મારે બહુ શીસ;
જેને ડંગો સરપ, રુધીર રાખે કોઇ રીસે;
જોર.પર જુલમી જુલમથી, ચોંગીએ તોડે ગામજી;
કવી શામળ કહે એવે સમે, રક્ષણ કરતા રામજી. ૧
ઠીકરી ફોરે દામ, ખરચ્યાં જોબનમા રાંડે;
જનન કુંવારા જાય, પણી પડપણ ઘર માંડે;
મુકે નીરમાં નાવ, બને એવુ કે બુડે,
પણી પકવે બહુ ધાન, આવી મામોતર ગુડે;
મનના મનસુબા મન રહે, વીસારી વાએ જાય છે;
મન મમત ઘણો મુરખ કરે, કીરતારનું કરયું થાય છે. ૨
રુઠયો જ્યારે રામ, સગો નવ કરે સગાઈ,
રુઠગો, જ્યારે રામ. ભગની કહે નહી ભાઈ,
રુઠયો જ્યારે રામ, તનુજ તીખાગે મા બાપે;
રુઠયો જ્યારે રામ. અકલ સુઝે નહી આપે;
રુઠયો જેને શીર રામજી, ઉપાય બીજો નહી કશો;
તો તરત છુટે બંધન થકી; સામળ રામ રુદે વસો. ૩
ગીના કહે નહી પુત્ર, મીત્ર ન કરે મીલાપ;
મામો નહી કહે ભાણેજ, નહી સસરો કહે જમાઇ;
નારી ન કહે નાર, સગાની જાય સગાઇ;
ગનતી ન કહે ગનાત, પીત્રી ન કહે પીત્રાઇ,
વળી શત્રુ થાય સગા સહુ, દેખાડે નહી દામજી;
કવી શામળ કહે સમુપણ અસુ; રુઠગો જ્યારે રામજી. ૪

જે બેસે સુખપાલ, મરજી અણુવાણે ચાલે;
ન જુવે તડકો તાઢ, ફરે દાવાદગ ઝાળે;
જે વેર લાખ કરોડ, બ્યાજ ભરંતા દીઠા,
તે એવી અકળ ગતી દઇવની. સુખ ત્યાં દુખ આવી અડે
શામળ કહે સઘળા માનવી. જ્યારે દુખ શીરપર પડે. ૫
ડાપણુ ન આવે અરથ, અરથ ન આવે ચતુરાઇ;
નહી અરથ મા બાપ, નહી ભગની કે ભાઈ;
અરથ ન આવે રૂપ, ન આવે અસ્ત્રી પણ તેવી;
ન આવે સંચ; પ્રપંચ, દેવ કે નઆવે દેવી;
એહમાં રૂડયો રામજી, પુર સંકટ આવી ઢે;
તે સમે ધરમ પોતા તણો, કહે શામળ વારે ચડે. ૬

હીમત વિશે.

કોઇ દીન અમત આહાર, કોઇ દીન ભુખી ભાજી.
કોઈ દીન અણુવાણે પાય, કોઇ દીન ચડવા વાજી;
કોઇ દીન સુંદર સેજ, કોઇ દીન ભોંય પથારી;
કોઇ દીન વીવા હોય, કોઇ દીન દુખે રડવુ;
કોઇ દીન રળવુ રીઝવી, કોઇ દીન ખોવા દામને;
શામળ રહે હીમત નવ હારીએ, સંભારીએ શ્રીરામને.
હીમને જીતે હોડ, હીમતથી દુશમન હારે;
હીમતથી નાસે ભુત, હીમતથી હાથને મારે;
હીમતથી નાસે ચોર, હીમતથી રાય નવ દંડે;
હીમતથી વેહેપાર, હીમતથી મહીમા મંડે;
સુરા પુરા હીમત થકી. જપ તપ સાધન જે કરે;
હીમત જોર જગ જીતીને, શામળ સ્વરગે સંચરે. ૨
હીમત દ્રપદી નાર, રાખી તો ચીર પુરાણુક

હીંમત સીતા માત, રાખી તો દુષ્ટ ચોરાણા;
હીમત જો દમયંતી, રાખી તો નળને પામી;
હીમત રૂખમણી રાણી, રાખી પરણી પ્રભુ સ્વામી;
હરી સમરી હીમત રાખવી, પરવત જેવડુ દુખ પડે;
શામળ કહે છ શ્રીરામને; એવે પડીએ વારે ચડે. ૩
નાઠે મુકે નહી મોત; કરમ નાઠે નવ તુટે;
નાઠે મુકે નહી રોગ, આ અવખુ વધે ન ખુટે;
નાઠે ન મુકે પેટ, ભુખ નાઠે નવ ભાગે;
અહાર નીંદ્રા ભોગ લખુ કે આવે આગે;
સુખ દુખ વૃધીને હાણુ, પણ નાઠે કોઇ ચુકે નહી;
જેટલા લલાટમાં અક્ષર લખ્યા,શામળ કહે ભોગવવુ સહી

સત્ય વિષે

સત્ય રાખ્યુ હરીચંદ, નીચ ઘેર પાણી ભરીઆ;
રાખ્યુ સત્ય ભગીરાય, રાજ્ય પાતાળે કરીયુ;
સત્ય સુધનવા વીર, તેલ તાતે તન ધરીઊ;
મીરાં રાખ્યુ સત્ય વીખનું અમૃત કરીયુ;
સત્ય રાખ્યુ સતવાદીએ; આગળથી માહા દુખ મળ્યા;
શામળ કહે અંતે સત્ય રહયુ. ફળ સુખના નિઃમ ફળ્યા
સાચુ બોલે ચોર, છેક બંધનથી છુટે;
સાચુ બોલે જાર, રાય તેને નવ રૂઠે;
સાચુ બોલે શતરૂ દંડ તેને નહી દેસે;
સાચુ બોલે સાહુ, નામ તેનું નવ લેશે;
છે સાચાને સુખ રૂડું, સત્યનો સુરજ સાખીયો.
શામળ સાચો સુલક્ષણો, ભુપ ભલાએ ભાખીયો. ૨
પાપી ન કરે પુન્ય, પ્રભુ પાખંડી નવ પુજે;

સત્યને નગમે જુઠ, અધરમી ધરમ ન પુજે.
થાય કપટનું સપટ, કુડનું ખુણ જાણે;
સત્યજ તરે સદઇવ. રાક કે મોટા રાણો;
સહુ સત્યથી સુખ પામશે, જુઠે રૂઠે રામજી;
કવી શામળ ભટ સાચુ કહે; કરો ગમે તે કાનજી. ૩

ગરજ વિષે

ગરજે જાય વીદેશ, ગરજ સીર ભાર ઉપાડે;
ગરજે વાજાં વાય, ગરજ તરવાર વજાડે;
ગરજે ગુણ ગમાય, ગરજથી ધન પણ ધારે.
ગરજે મોંઘો માલ, નાખશે ઊંડે નીરે;
પામર જનને પીતા કહે, માઠા સંગ રહે મળી;
કવી શામળભટ સાચુ કહે, ગરજ સાકરથી ગળી. ૧
ગરજે ઓથાં ખાય, ગરજથી સદગુણ લીધ્ધ છે;
ગરજ મરે રણ ઠામ, રામ પણ ગરજે કહે છે;
ગરજ કરે વેહેપાર, કરે ખેતી પણ ખંતે;
ગરજે ગુણકા નાર, ભોગવે ભંગી ભ્રાંતે;
ગરજ સમાન નથી ગજ્યુ, ગરજે લોક લક્ષણ લહે;
કવી શામળ કહે વશ ગરજને, કારણને કાકો કહે.૨
ગરજે ગાંડા સાથ, જાય ડાહ્યો પણ દોડાડી;
ગરજે નીચ ઘેર જાય, દેજ લાખેણી લાડી;
ગરજે પંડીતરાય, મુરખની માને શેવા;
લક્ષપતી તજી લાજ, ગરીબ ઘેર જાય લેવા;
વળી ગરજે ગરવતઘટે ઘણો, ગરજે રોસ તુકી રહે;
કવી શામળ કહે વશ ગરજને, કવરણને કાકો કહે.૩
ગરજે ગુણકા નાર, જઇ નર આગળ નાચે;

ગરજે જોડે હાથ, ગરજ નાચક થઈ જાચે;
ગરજે ગુણીજન થાય, ગાય ગુણવંતા ગીત;
ગરજે શતરૂની સાથ, પરાણે માંડે પ્રીત,
નીરમાં મુકે નાવડાં, તે બુડે કે તારે;
કવી શામળ કહે ગરજે સહુ, કુડ કે રૂડ કરે. ૪

વઈરાગ વિષે

કોઈ ફરે નગન, કોઈ જડીયા જટા
કોઈ મુડાવે શીશ, કોઈ વાળે બંગોટા;
કોઈનો ભમવો ભેખ, કોઈ સંગી કે સેલી;
ફરે ખરો ખર ઠોક, નમાયા કોઈને મેલી;
કોઈ મત્ર જંત્ર કામણ કરે, કરતા દોરા ચીથડા;
શામળ કહે સાચો સીધ, કોઈ દંભી ખાવા ટીકડા, ૧
કોઈએ લીધા જોગ, ભટકતા હીંડે ભુખે;
કોઈએ લીધો જોગ, હીંડે હાકમસું દમતા;
કોઈએ લીધો જોગ, રોગ વઈરાગની ગરજે;
કઈક લીધા જોગ, દુકાળ પડે કે કરજે:
કોઈને મા બાપે વેચીઆ, કઈક જર હીણ જાતે થય.;
શામળ કહે સીધ થઈ તીઆ, બળતરાંએ બાવા થયા.૨
ટોપી ઘાલે તાં, વેશ રાખે વેરાગી;
રામ રામ લે નામ, મધુગરી લાવે માગી;
કાનફટા પણ કોઈ, જગત જાણતા જંગમ;
પુજે પીર ફકીર. ચહે સામાનો સંગમ;
નવ પુગે પીત્રી પીંડ, પુસ્તકમાં લખ્યું નવ પળે;
શામળ કહે સહુ સમજી જુવો, મુનીજન સાચા ક્યાં મળે
ખટ દરસનમાં ખાંડ, દશા દંભી દીલ દાખે;

પરમારથ નહી પ્રીત, રીત રંજોગુણની રાખે;
શીલક ચાંપને માગ, બાલ ભભુતી ચોળે;
વીચારશુ ઘણા ઉચાટ, વશ્ત્ર ગેરૂમાં બોળે;
કપટે શીર કેશ ધરે ઘણા, દંભે દાઢડી દીલ ઠરે;
કવી શામળ કહે શાચા વીના. કરત કરમુ કમન કરે. ૪

પાપ પુન્ય વિશે

પાપે પાપની બુધ, પાપ અતીશે દુખ આવે;
પાપે મીત્ર કુમીત્ર, પાપ જુગતી નવ ભાવે;
પાપે, કુળ કલંક, પાપથી પુન્ય પળાએ;
પાપે વટસે વંશ, પાપ શહુ અવગુણ ગાએ;
પાપે શુધરમ ધારે નહી, પાપ ભગાવે ભોગને;
શામળ કહે પાપે પામશી, રગત પીત સગ રે.અતે. ૧
પાપે પુન્ને પાખંડ, પાપી કુળ હીણ કહીજે.
પાપે સુખ વીછેદ, પાપથી દેહ રહીજે;
પાપે અંધ અપંગ, પાપથી દુરબળ દેહે;
પાપે અપજશ પુરણ, પાપે અવગુણ દેહે.
પાપે પરીભરમ પ્રીછા નહી, પાપ ન જાણે જોગને;
શામળ કહે ફળ એ પાપના, રગોરગ વેઠે રોગને. ૨
પુન્યે નાસે પાપ. પ્રજા સુખ પુન્યે પામે;
પુન્યે પ્રસરે કીરત, વેદના પુન્યે વામે;
પુન્યે નહી અહ દેશ, પુન્ય ભલાપણ શુભાણુ;
પુન્ય વેહરાં ડંડ, પુન્ય નીરભાગ નીરકુશાણુ;
નહી પુન્ય થકી લક્ષમી મળે, પુન્યે પાપ બહુ બળે;
શામળ કહે પુન્ય પ્રતાપથી, તાપ ત્રીવીધ તનના ટળે. ૩
છાનો કરડે નાગ, જોરથી જેહેર ચડે છે;

છાંડું બાસે બેગ, મોટી વીપત પડે છે;
છાનો કરડે વીંછ, ચીતમાં લાગે ચટકો;
છાનો પાવક પડે, અચાનક લાગે ભડકો,
જે છાના પાપ જગત કરે, જરૂર તે દુખ ભોગવે;
પણ ચીંતા પુન્ય પ્રતાપથી, ભલા સકલ સુખ ભોગવે. ૪

બત્રીસ પુતલીની વાતોવીશે

ભાગ્યશાલી નૃપ ભોજ, સીંહાસન ચરણ ધરે છે,
પુતલી બત્રીસ પુનીત, એક ફીર કથા કરે છે;
પ્રથમ હરણની વાત, વીપ્રની બીજી વીવેક;
કથા ત્રીજીએ કમળ, ચોથી સીંગલની નેક,
છે પંચ દંડની પાંચમી, છઠી અગોલા રાણી ગ;
સુગ નાગીકની તો સાતમી, શામળ જુગતે જાણીએ. ૧
આઠમી ધનવંત શેઠ, નવમી તો હંસની લઇએ;
દસમી ગરધવસેન, કાગસ અગીયારમી કહીએ;
વીક્રમ ચરીત્ર બાર, તેરમી સમુદ્ર વાટની;
ચઊદમી નકડા નામ, પંદરમી મેના પોપટની;
સોળમી ઘોડો કાઠનો, સતરમી પંખી તણી;
રૂપા બાવા હણ્યું અઢારમી, શામળ મળી શોભા ઘણી
ઓગણીસમી બાલોરામ. વળી વઇતાળની વીશે;
એકવીસમી પાન, કાગદેનું બાવીસે,
તેવીસ ભદ્રા ભામની, ગોટકા ચોવીસ ગાજે;
જોગણી પચીસમી જાણ, છવીસ ગાધવાનળ છાજે;
લક્ષ્મીની સતાવીસમી, અઠાવીશે સુક સારીકા;
સ્ત્રીચરીત્ર ઓગણત્રીસમી, શામળ ત્રીપક્ષ તારીકા; ૩
ત્રીસમી ભરથરી ભુપ, એકત્રીસ રૂપાવંતીની,

બત્રીસ બુધનીધાન, એહમાં બુધી અનંતી;
વળી વઇતાળ પચીશી વરણવી, અવસર છત્યો;
શીશ ગુરૂ સંવાદ, સ્ત્રી જગમાં જસ છત્યો;
એક એક કથા કહી પુતળી, શોભા લઇ સ્વરગે ગઇ;
શામળ સતવાદી સમજીએ, નરપતી ભોજની સંપએ.
અમૃત આગળ વીખ, ઇક્ષુ આગળ એરંડો,
વેદ આગળે ભેદ, પંડીત આગળ પાખંડી;
સારદુલ આગળ સ્વાન. પાન આગળ જેમ પાળી;
સ્વેતની આગળ શ્યામ, ખરાશ્વની આગળ ખલી;
રંભા આગળ જેમ શંખણી, પુશકર આગળ જેમ સંખણુ
પુસકવર આગળ જેમ પ.રણ, તમ સ્ત્રી ચરીત્રની અગારે
વીકરમ ચરીત્રને વરણવું. ૧
સ્ત્રી ચરીત્ર જસ જોર, ગરદ સોહકગ કઇ મારા;
અસ્ત્રી ચરીત્ર જસ જોર; સોસી લીએ શાને સાયર
વળી અસ્ત્રી ચરીત્ર જોરથી, રાય થયા કઇક રાંકડા.
શામળ કેહે કઇક સન્યાપતા. વસ કીધા કઇક વાંકડા,
કરે કાયરને સુર, સુરને કાયર કરસે.
કરે શતરૂને મીત્ર હીગત એવી એ ધરશે,
અજાણને તો જાણ, કરે પંડીતને પથર,
કરે સાચને જુઠા, જુઠને કરે ખરે ખર;
હ.થીને હરણ કરે; શીયાળને સીંહ સરખુ.
શામળ કેહે ચરીત્ર નારોનું, પંડીત કરે પારખુ. ૨

સ્વભાવ વિશે.

કેસર કીઆરા માંહ, બરાસ કસ્તુરી ભેકે;
પાઇબા કનકની પાળ, લક્ષધા મોતી લેહેકે;

ગંગા ગોમતી નીર, જવર જડીઅજ જારી;
સોલ ધરી શણગાર, સીચે નરપતીની નારી;
એવી રીતે કદી ઉગીઓ, લસણ છોડ ગંગા અટે,
બદબોઇ ઉઠે પણ બહુ ઘણી; શામલ સ્વભાવ નવ મટે.
જળ તરવાને તુંબ, અગની ઓલવવા નીર.
ભુખયુ ઓસડ અન, બાલનું ઓસડ ખીર;
તાવનું ઓસડ અપવાસ, ગુમડે ડામજ દેવા.
વીવેક તો વસીકરણ, સરવ પ્રકારે સેવા;
ઓસડ છે એ કે એકના; ઠોડે ઠોડે કહું કથી.
ભુડા કે રૂડા સ્વભાવનું, સામળ કેહે ઓસડ નથી. ૨
કોઇ સ્વભાવે તાતો, કોઇ સ્વભાવે ઉદાર,
કોઇ કરપી મદદ માતો, કોઇ જારી કોઇ જુલમી;
કોઇ દંભી કે ડહો, કો પાપી પુન્યવંત;
કોઇને વસન વહાહો, કોઇ હરામીને
કોઇ હતુદે, કો હસમુખો હરી ધડો;
સામલ સ્વભાવ જે જાતનો. પ્રથમ પડયો તેતો પડયો.૩
કોઇ વરણવે વેદ, ભેદ કોઇ ભારે ભણીઓ.
કો મુરખ મહીપત, કોઇ ગ્યાનીમાં ગણીઓ,
કોઇ કરે બહુ પુન્ય, કોઇ કેવાણા પાપી,
કોઇ સમજા નહી સત્ય, કોઇ જય ચાલા જાપી;
કો સુખ દાતા સંસારને, કોઇ નીચ સઉને નડયો.
શામળ સ્વભાવ પલટાય નહી, પ્રથમ પડો તેતો પડયો. ૪

ગુણકા તથા કામાતુર વિશે

હરે પ્રીતથી ચીત. જગમાં લાજ ગમાવે.
હરે વપુ ખલ નીત, નીચ થઇ સીસ નમાવે.

કુળમાં ચઢે કલંક રોસથી રાજા લુટે;
મહેમાંન મરજાદ, સાત સીર લેહેરી ઉઠે.
આ ભવમાં તો એવું બને, પરભવમાં નરકે પડે.
શામળ કેહે દીલમાં દુર મતી, ગુણકા સુમન કેમ અડે. ૧
બાળ ગુણકાનું રૂપ, બાળ ગુણકાનું ગાવું.
બાળ ગુણકાનું સુખ, બાળ ગુણકાનુ ખાવું;
બાળ ગુણકાનું તેજ, બાળ ગુણકાનું પીવું.
બાળ ગુણકની સમરૂધી બાળ ગુણકાનું જીવવું;
વેસ્યા નામે કેહે વિસ્વમાં, ગુણ હીણામાં ગુણકી.
જે દેહ ઉઘાડી દાખવે. બુધીવંત તેથી બીઓ, ૪
બાળ વણજ વેપાર, નીચ્ય પરવશ જે દુખીઓ,
બાળ શીપાઇ સુર શીર, શીર વેચે થઇ સુખીઓ.
બાળ વાહાણુ વીદેશ જળે જર ખરચી પેસે;
બાળ બજાણા વેશ, વાંસ ઉપર ચડી બેસે
વળી બાળ જીવત જાચક તણું નીત્યે નીચને જાચવું.
શામળ બાળો ગુણપણું, રીધી દેખી નવ રાચવું. ૩
કામી ન જુવે કરમ, કામી જન ધરમ ન ધારે;
કામીને શી શરમ કામી જન મરે કે મારે.
કામી ન સુજે કાંમ, શાસ્ત્રની વાત નવ સુજે;
કામી નવ ભજે રામ, બુધી એકે નવ બુજે.
કોડી અવગુણ કામી તણા ધરમ મારગે નવ ધશો;
અવજસ જે અવની વિશે; કામાતુરને તન વસે. ૪
કાં રાજા કાં રંક, કોણ નર કે કોણ નારી;
કામાતુર કલંક, હોડ હીમત જાય હારી.
પ્રથવી જે પાપ, રોગક્ષય આદીક દેહે;
ત્રી લોકમાં પરીતાપ, નકી પરનારી નેહે.

લાખો વીછીની વેદના, દુખ દીવાના ડંડમાં;
શામળ કેહે પ્રીત રખે કરો, પર અસ્ત્રી પંડમાં ૫

નીરભાગી વીશે.

નીરભાગી જાએ ગંગા. કસ્ટ પામે કુટાએ.
જો તે રળવા જાય, લાભ સુધાં લુટાએ.
અભાગીયો પરણે નાર, જાય નીસરી કે મરશે.
અભાગીયો પામે ગરથ, ચોર કે હાકમ હરશે.
નીરભાગી બેસે ઘોડલે, પડસે કે પગ ભાગસે.
નીરભાગીને મંદીર મળે, પડશે કે દવ લાગશે. ૧
અભાગીયો જમવા જાય, રેહે ભુખો કે વાસો;
વદે સરસ જો વાત, લોક કરશે સઉ હાંસી,
અભાગીયો ડાહયો થાય, ઘણા જાણ તાં કેહે ઘેલો
જો નવ બોલે બોલ, કેહે હઇયાનો મેલો.
શહુ કરમ હીણ કુટાય છે, ગરંથ વનાનો દુટકો;
શામળ કેહે નીરભાગી નો, કશી વાતે નહી છુટકો,

કણબી વીશે.

શેઠ હોકે શ્રીમંત, હાડ કણબીથી હારે;
કણબી જેવો કોઈ, ધરમ રૂડો નવ ધારે.
ઘણાક કોટી કરજ હોય, તોએ ગણસે લખી લેખું;
દુરબળ કણબી દાતાર, ડાહયા કે ઘેલા દેખું.
જે જાણ હશે તે જાણશે, અભીમાની મઠ આણશે
સામળ સીમા આ તણી, મંગણ મોજે માણશે.
કણબી જેવો કોઈ, ન દીઠો મનનો મેહેરી.
અઢાર આવે જાય, અહો નીસ સાંજ સવારે;
સુપડે સાંખ્યુ ભરત, ખાય ખર છે ને ખેલે.

પરભોગી પરકાજ, રોધી ખરચે રંગ તે લે.
બોબો કણબો ભુમંડલે, દેતા પાછુ નવ જુવે.
શામળ કેહે બીજા બાપડા, રીધી ખરચા કે રડે વેર.
૨.બે કણબી જો કોઇ, જાચકો તેને જાચે
બીજો હોય બળવંત, રણે કોઇ તેને રાચે.
ન કહે કણબી નકાર, સરમમાં એ શરમાસે,
જો કદી નહી અપાય તો કાયા કરમાશે.
બીજાની પેરે બાળ, કદી ના તો તે નહી કેહે,
શામળ કેહે બુરો ભાર તો, થોરી કે કણબી મહે. ૩
પ્રથમ શેઠ શ્રીમંત, કોટી અરથીં કરનારો,
પછી મોહોટો મહીપત, ધરમ ધરતાં ધરનારો.
પછી છત્રપતી છેજ, માંનવો મહિમા મોહોટો.
પછી મોટા જર પત્ય, છત્ર વણુનો તે ચોટો.
સવાળાની વેહેલવતી, થકી છત્રપતી બાળીઆ બહુ.
જીવતી કેરે જરપતી, જગત શામળ કેહે શોભે સ.

ચતુરાઇ વિશે.

ચતુર લોકનું ચીત, જગતમાં કોઇ નવ જાણે;
ચતુર ન ચીંતા ધરે, મોજ આણંદ માંણે.
ચતુર લોકનો વણજ, જણાય નહી લેવું દેવું;
ચતુર લોકનું પુન્ય, ગુપત કેઇને નહીં કેહેવું.
વળી ચતુર લોકનો પાર, તે કોઇ પંડીતે નવ પારખે
મુરખનો મુળ જાણે સહુ, તે શામભળભટ શરીખડો.
શંકાથી કર સાંચ, વેગળે વાટે થાવું;
અસ્વ થકી કર આટ, અજાંણુને સાલ્યા જાવું,
ગજ થકી ગજ શત, પાંચ આંચનો જન અધીકારી;

સીધ થકી કર શકઅ, આઘીથી એજ વિચારી.
પણ ચોર થકી ચો ગામડાં. તજ ચુગલ થકી તો ગામસો
ઉરી દેશ ત્યાગ દુરજન થકી. શામળ કેહે શાળા વસો. ૨

શતરૂ વિષે

જાગ શતરૂની સાથ, રૂદેમાં તે તો દુવે.
જાગ શતરૂને ચરણ, ખરેખરો જીવજ ખુવે.
જો દેખાડે હામ, હામ ઠેકાણું જાસે;
શતરૂનો વિશ્વાસ, કરે તે ગોદા ખાશે.
અણજાંણ્યાને જે ગુણ કરે, દયા ધરે કે દેહમાં.
શામળ કેહે દુખ વાંછશે, નર અજાણું નેહમાં. ૧
કપુત કહીએ તેહ, બહુ પરોઆને બોળે.
કપુત કહીએ તેહ, ધરમ ધારણ નવ તોળે;
કપુત કહીએ તેહ; રંક જનને રંજાડે.
કપુત કહીએ તેહ, ભવન ભજન ભંજાડે;
એવા તો કપુત અનેક છે, અહંકાર ધરે આપનો.
શામળ કેહે સહુથી કપૂત; જે બોલ ઉથાપે આપના. ૨
સપુત નામ સરદાર. કોઇ ઉપર નવ કોપે;
શપુત નામ શીરદાર, પીતાનું વચન નવ લોપે.
સપુત નામ સરદાર, ગયા સરાધે જે સારે,
શપુત નામ સરદાર, હોય શતરૂય પણ હારે;
વળી સપુત નામ સરદાર. તે કુટંબનું પોસણુ કરે.
શામળ કહે સપુત સલક્ષણા, માત પીતા તેના ઠરે. ૩

શામળની સમશાના.

સપુત તણું છે નાંમ, સભામાં શોભે શેહેલો
રજની કેરૂ રૂપ, પુજત શીવ કરતાં પેહેલો,

નેહ કરે નરનાર, દેહ સુભ આપે દાએ.
તસકરને મન તાપ; ભલા જન તો સુગ ભાંખે.
તે નરના તનથી નીપજે, કરૂપ કેહે છે કામની,
શામળ કેહે સ્વામી લાવશે તો ભજસે સુભ ભાગની.
ચંદ્ર બીંબ આકાર, નામ બે અક્ષર નારી;
સુડો સ્ત્રી સગાર શોભીત, બહુ લોકુની બળ હાજરી.
મુખ ચંડન માહા રૂપ. અનુપ દીસે દેહે;
તેથી શોભે નાર; કંત સુણી નર નેહે.
લક્ષમી ખરચીને લાવજો; એવણુ અડતું દીસસે;
શામળ કેહે સામા જોસ જે, તેથી હઇડુ વીંસસે. ૨

ઝાલ.

એક રાયને ઘેર, ઘણા હાથીને ઘોડા.
ઊંટ હતાં અનેક, બીજા તે સાથી સજોડા.
હાથી અઢીમણ ખાય, ડોઢમણ ઉંટ ગણી જે;
પાંચશેર કણ અશ્વ, ગણી તર્યાં એહ ગણી જે.
સોગણ દાણા નીત ચરે, શોભાવે તે સાથીઆ;
કેહે ઊંટ અશ્વ કેટલા શામળ કેટલા હાથીઆ. ૩
ચઊદ ચરણ પર તક્ષ, આપ ચાલે પગ આઠે;
બાર હાથ બળવંત; પાંચ મસ્તક થીર ઠાઠે.
વસ્ત્ર ભુસણવાન, રાજ દરબાર રેહે છે.
નારી જાત નવરંગ, વપુ પર ભાર વહે છે;
તે પુન્ય વીના નવ પામીએ, પચીસ સહસ્ત્ર નામ છે.
શામળ કેહે સોધી જુવો, સઉને રદય રામ છે. ૪

પાલખી.

નીચ ધરે છે નાર, દેશ આધામાં દાએ;
મુખની મોટી ઝભ, રીઝવા બાહાર રાખે.

નહી હાથ નહી પગ. સીસ વીના મુખ બોલે,
ફરે ચત્ર તે ચીસ, જમે કણુ અધીક અતોલે.
ઘર ધણી તો ગીતો ગાય છે, ગરીબ નર પુંઠે ફરે.
શામળ કહે એહુ તેહનું મોઢા જન મસ્તક ધરે. ૫

ઘાંણી.

ચતુર નરનું ચેત. એક અચરત મેં દીઠું:
સુંદીર રૂપ સ્વરૂપ, અધીક અમરતથી મીઠું.
કાયા ઉપર હાડ, હાડ ઉપર વાંણુ ભણીજે.
વાળ ઉપર છે રૂધીર. સુગુણુ તેના ગણી જે;
અરી તે ઉપર તો ખાલ છે, ખાલ ઉપર વાળજ નથી,
વળી મુખમાંથી અમરત જરે, શામળ કેહે દે, ટો કથીં

કેરી.

સીસ વિનાની નાર, મુખ મોટું મુખ માહે.
જો શીંગાનો જે ભક્ષ જનીતે નજુ નહે.
પલક ન રાખે પેટ, વળી ઉઠે વળી બેસે.
પાતળુ થઇને પેઠ, તેહ પ્રથવીમાં પેસે.
વાંકા કરણુને વશ કરે, ખગતાને ખાળે બહુ:
શમન્યાને કેડે તો સહલ છે, શામળ કેહે ઘોચ્રો સહુ.

ઘંગણુ.

સમાપ્ત.